dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 09 | AD - 2025, Aso Vad-03 | Thursday, Dt.09-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત





Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions

ઉત્તર ગુજરાત
(મહેસાણા)





ભવ્ય ઉદ્દ્ઘાટન

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાતના
વરદ્હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ

## શ્રી અશ્વિની વૈષ્ણવ

માનનીય કેન્દ્રીય મંત્રી, રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી, ભારત

**9 ઑક્ટોબર 2025, ગુરુવાર સવારે 09:45 વાગે ગણપત યુનિવર્સિટી, મહેસાણા, ગુજરાત**

### ઉત્તર ગુજરાતની ક્ષમતાઓ

**ઉદ્યોગ**
- ગુજરાતના મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં 5% યોગદાન
- સમર્પિત ફ્રેઇટ કોરિડોર અને DMIC (મહેસાણા, પાટણ, બનાસકાંઠા) અને MBSIR (મહેસાણા)ની હાજરી

**કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા**
- ભારતમાં ઇસબગુલ પ્રોસેસિંગમાં 90% હિસ્સો
- ગુજરાતમાં બટાકાનું સૌથી વધુ (78%) ઉત્પાદન (બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી)
- એશિયાની સૌથી મોટી સહકારી ડેરી - બનાસ ડેરી, સાથે સાબર ડેરી અને દૂધસાગર ડેરીની ઉપસ્થિતિ
- એશિયાનું સૌથી મોટું મરી-મસાલા બજાર ઊંઝા, મહેસાણામાં

**હસ્તકલા**
- પાટણ - પટોળાં સાડીઓ અને સૂફ ભરતકામ માટે પ્રખ્યાત (GI ટેગ-બનાસકાંઠા)

**પ્રવાસન**
- આધ્યાત્મિક, વારસો, સરહદ-પર્યટનની ઉપલબ્ધતા

### કેન્દ્રિત ક્ષેત્રો

- કૃષિ, ડેરી અને ખાદ્ય પ્રક્રિયા
- એન્જિનિયરિંગ
- ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ
- પ્રવાસન અને સંસ્કૃતિ
- કૌશલ્ય વિકાસ
- સ્ટાર્ટઅપ્સ
- ઑટો અને ઑટો કોમ્પોનન્ટ્સ
- MSMEs

### કોન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્દ્ઘાટન સમારોહ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- પેનલ ચર્ચાઓ
- સીઈઓ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ
- વર્કશોપ એન્ડ ક્વિઝ
- B2B / B2G મીટિંગ્સ
- વિશેષ પ્રવાસ
- ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- પ્રાદેશિક MSME કોન્ક્લેવ
- ટ્રેડ શો/પ્રદર્શન
- રિવર્સ બાયર-સેલર મીટિંગ
- ઉદ્યમી મેળો
- રાજ્ય સેમિનાર્સ
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- સાંસ્કૃતિક કાર્યક્રમ
- સમાપન સત્ર

ફોલો કરોઃ vibrantgujarat vibrantgujarat vibrant_gujarat vibrantgujarat

ભાગીદાર સંસ્થા: icbc INDO CANADIAN BUSINESS CHAMBER, JETRO Japan External Trade Organization, US-INDIA

ભાગીદાર દેશ: જાપાન, દક્ષિણ કોરિયા, વિયેતનામ

વેબસાઇટ પર પહોંચવા માટે સ્કેન કરો
લૉકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

iNDEXTb INDUSTRIAL EXTENSION BUREAU (A GOVT. OF GUJARAT ORGANISATION)
બ્લૉક નંબર 18, બીજો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર 11, ગાંધીનગર 382 010 (ગુજરાત) ભારત | ફોનઃ + 91-79-2325 6009, 2325 0492/93 | www.indextb.com
વેબસાઇટઃ www.vibrantgujarat.com | ઈમેઈલઃ vibrantgujarat.gov.in | હેલ્પલાઇન (+91 79 2324 000) હેલ્પલાઇન સંચાલનના દિવસ અને સમયઃ સોમવારથી શુક્રવાર, સવારે 11:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી

### ૧૬ વિઘા જમીન સંપાદનનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ

# અમરેલીમાં લેઉવા પટેલ સમાજ ભવનનું ભવ્ય નિર્માણ થશે





**જમીનના મુળ માલીક સેંજલીયા પરિવારને સન્માનીત કરાયા**

અમરેલી,તા.૦૮

અમરેલી શહેરની મધ્યમાં લેઉવા પટેલ સમાજના ભવ્ય ભવનના નિર્માણ માટે લાંબા સમયથી ચાલી રહેલી આતુરતાનો આખરે અંત આવ્યો છે. સમાજના મોભીઓના સઘન પુરૂષાર્થથી ૧૬ વિઘા જમીન સંપાદનનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવાયું છે, જેના પગલે હવે લેઉવા પટેલ સમાજ ભવનનું ભવ્ય નિર્માણ થશે. આયોજન અંગે યોજાયેલી મહત્વની બેઠકમાં સંસ્થાના પ્રમુખ અને અગ્રણી દિલીપભાઈ સંઘાણીએ સમાજને સંબોધતા સ્પષ્ટ કર્યું હતું કે, “પટેલ સમાજ સાહસ અને વિકાસને વરેલો છે. ૧૬-વિઘાના આ પરિસરમાં બનનારું લેઉવા પટેલ સમાજ ભવન સમાજની એકતા અને વિકાસનું પ્રતીક બની રહેશે.” તેમણે સમાજને અવનવા ડર બતાવતા તત્વો સામે સુરક્ષાની ખાતરી આપી હતી અને જણાવ્યું હતું કે, સમાજને કોઈ ડર બતાવે નહીં.અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં પટેલ સમાજના એકતા, વિકાસ અને શિક્ષણ સહિતના સર્વાંગી વિકાસ માટેનો પાયો રાજરત્ન મોહનભાઈ વિરજીભાઈ પટેલે શૈક્ષણિક સંસ્થા પટેલ વિદ્યાર્થી આશ્રમના માધ્યમથી શરૂ કર્યો હતો, જેને દ્વારકાદાસભાઈ પટેલ, લીલાબા પટેલ અને ત્યારબાદ દિલીપભાઈ સંઘાણી આગળ ધપાવી રહ્યા છે. મિટિંગમાં સમાજના અગ્રણી અને ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરીએ ભૂમિગ્રહણની જાહેરાત સાથે લેઉવા પટેલ સમાજ વાડીના નિર્માણ કાર્યની વિગતો રજૂ કરી હતી, જ્યારે ડી.કે. રૈયાણીએ આ કામ સમાજ સાથે મળીને આગળ ધપાવવાની ખાતરી આપી હતી. સમાજસેવા અને સંગઠનની આ પહેલમાં જમીનના મૂળ માલિક સેંજલીયા પરિવારને પણ મહાનુભાવો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં દિલીપભાઈ સંઘાણી ઉપરાંત અશ્વિનભાઈ સાવલીયા, નારણભાઈ કાછડીયા, ડી.કે. રૈયાણી, કાળુભાઈ ભંડેરી, પી.પી. સોજીત્રા, કાંતિભાઈ વઘાસીયા, દિનેશભાઈ ભુવા સહિત વિશાળ સંખ્યામાં સમાજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ અશ્વિનભાઈ સાવલીયાએ કરી હતી. આ તકે દિલીપભાઈ સંઘાણી ઉપરાંત અશ્વિનભાઈ સાવલીયા, નારણભાઈ કાછડીયા, ડિ.કે.રૈયાણી, કાળુભાઈ ભંડેરી, પી.પી. સોજીત્રા, કાંતિભાઈ વઘાસીયા, દિનેશભાઈ ભુવા, દકુભાઈ ભુવા, ચતુરભાઈ ખુંટ, પ્રો. એમ.કે.સાવલીયા, સુરેશભાઈ દેસાઈ, મનસુખભાઈ ધાનાણી, વિઠ્ઠલભાઈ બાંભરોલીયા, રમેશભાઈ કાથરોટીયા, કાંતિભાઈ સતાસીયા, નિકુંજભાઈ સાવલીયા, કાળુભાઈ વિરાણી, ભાવેશભાઈ પીપળીયા, કાળુભાઈ કાછડીયા, નરેશભાઈ સાકરીયા, દયાળભાઈ સંઘાણી, પ્રવિણભાઈ માંગરોળીયા, નારણભાઈ ડોબરીયા, નંદલાલભાઈ ભડકણ, પ્રવિણભાઈ સાવજ, જયંતિભાઈ પાનસુરીયા, બીપીનભાઈ લીંબાણી, દલસુખભાઈ દુધાત, અરજણભાઈ કોરાટ, જે.પી. સોજીત્રા, ઘનશ્યામભાઈ રૈયાણી, જગદીશભાઈ તળાવીયા, ભાવનાબેન ગોંડલીયા, ડો.ચંદ્રેશભાઈ ખુંટ, મનીષભાઈ ભંડેરી, સંદિપભાઈ ધાનાણી, પંકજભાઈ રોકડ, ધવલભાઈ કાબરીયા, વિપુલભાઈ તળાવીયા, ઘનશ્યામભાઈ ત્રાપસીયા, ભાયલાલભાઈ કોઠીયા, દિપકભાઈ વઘાસીયા, જે.આર. પટોળીયા, પરેશભાઈ કોઠીયા, વશરામભાઈ કોટડીયા, અરૂણભાઈ પટેલ, હિરેનભાઈ બાંભરોલીયા, મનિષભાઈ સંઘાણી, કાળુભાઈ પાનસુરીયા, મુકેશભાઈ સંઘાણી, ભીખુભાઈ કાબરીયા, જે.ડી.માલવીયા, બાબુભાઈ સખવાળા, સંજયભાઈ રામાણીના સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની આભારવિધી અશ્વિનભાઈ સાવલીયાએ કરેલ હતો તેમ મેહુલભાઈ ધોરાજીયા અને રાજેશભાઈ માંગરોળીયાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયેલ છે.

## લાઠી નજીક આવેલ તથાસ્તુ વિદ્યાપીઠ ખાતે શરદપૂર્ણિમાના અવસરે મહારાસ યોજાયો

અમરેલી,તા.૦૮



લાઠી હાઈવે પર આવેલ કથાકાર જીગ્નેશ દાદા પ્રેરિત તથાસ્તુ વિદ્યાપીઠ ખાતે ગત તારીખ ૬ ના રોજ મહારાસ યોજાયો હતો. આ તકે ધરાઈ બાલમુકુંદ હવેલીના મુખ્યાજી કુલદીપભાઈ જોશી સહિત તેમના પરિવારના સભ્યો આ મહારાસમાં હાજર રહ્યા હતા જેથી જીગ્નેશ દાદાએ તેઓને આશીર્વાદ આપી ઠાકોરજીનો ઉપેણો પ્રસાદી ઓઢાડી બાલમુકુંદ પ્રભુનું ચિત્ર અર્પણ કરી સન્માન કર્યું હતું.

## રાજુલાની સંઘવી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં સાહિત્ય કુંજ સભા સંપન્ન

રાજુલા,તા.૦૮


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલામાં એચ.બી સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે તૃતીય સાહિત્ય કુંજ સભાનું આયોજન થયેલ. જેનો વિષય મધ્યકાલીન સુવર્ણ ભક્તિ યુગ રહેલ. આ સમારંભ નવલકથાકાર ધૈવતભાઈ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ સમારંભમાં સૌરભ સંસ્થાના કવિ શશીભાઈ રાજ્યગુરુ, કવિ હેમાળવી તથા કોલેજના સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજા તથા ગર્લ્સ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ સીમાબેન પંડ્યા સહિતના હાજર રહ્યા હતા.

## બગસરામાં શરદપૂનમે રાસ-ગરબામાં ખૈલૈયાઓ ઝુમી ઉઠ્યા


તસવીર : મયુર પંડયા

બગસરામાં શરદપૂનમના દિવસે ભવ્ય રાસ-ગરબા મહોત્સવ યોજાયો હતો. શ્રીરામ ગૃપ આયોજિત આ રાસ-ગરબામાં ઓરકેસ્ટ્રાના તાલે ખેલૈયાઓ ઝુમી ઉઠયા હતા. રાસ મહોત્સવ બાદ સારૂ પ્રદર્શન કરનારા ખેલૈયાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ઈશ્વરીયામાં કળશપૂજન, મહાઆરતી અને રાસ-ગરબા યોજાયા

અમરેલી,તા.૦૮



સીદસર માઁ ઉમિયાના શ્રી સવા શતાબ્દી વર્ષ પૂર્ણાહુતિ અંતર્ગત તા. ૭-૧૦-૨૦૨૫ ને મંગળવારે મોટાબાની વાડી ઈશ્વરીયા મુકામે કળશપૂજન, મહાઆરતી અને રાસ-ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા સાંસદ-રાજકોટ પરશોતમભાઈ રૂપાલા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સંગઠન સમિતિ સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રમુખ કૌશિકભાઈ રાબડીયા, ઉપપ્રમુખ વજુભાઈ ગોલ, સંગઠન સમિતિના પદાધિકારીઓ અને જ્ઞાતિ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગામ આગેવાન દિનેશભાઈ રૂપાલા દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. અમરેલી જિલ્લા ઉમિયા પરિવાર સંગઠન સમિતિના નવનિયુક્ત પ્રમુખ નરેશભાઈ દસલાણીયાનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ હતું. પરશોતમભાઈ રૂપાલાએ ઈશ્વરીયામાં ઉમિયા પરિવારના ૨૬૦ ઘરની સામે સમાજને જોડવાના સેતુ સમાન ૨૭૮ કળશનું વિતરણ થયેલ, તે બદલ દરેકને અભિનંદન આપેલ.

## અમરેલી એસ.ટી.મજદૂર સંઘની ત્રિમાસિક કારોબારી બેઠક મળી

અમરેલી,તા.૦૮



એસ.ટી. મજદૂર સંઘ અમરેલી વિભાગની ત્રિમાસિક કારોબારી મળેલી હતી. જેમાં અમરેલી વિભાગના મહામંત્રી વિક્રમસિંહ ગોહિલની ભાવનગર વિભાગ ખાતે બદલી થતાં વિદાય સમારંભનો કાર્યક્રમ રાખેલ હતો તેમજ નવા મહામંત્રી તરીકે રાજેન્દ્રસિંહ વાળા તેમજ એડિશનલ જીએસ તરીકે બાપલુભાઈ વાળાની વરણી કરવામાં આવેલી છે. આ કાર્યક્રમ ગુજરાત એસ.ટી. મજદૂર મહાસંઘના પ્રમુખ સંદીપસિંહ, મહામંત્રી મુકેશભાઈ પટેલ, કાર્યકારી પ્રમુખ જગદીશભાઈ, સંગઠન મંત્રી કનકસિંહ ગોહિલ તેમજ કાળુભાઈ વાળા, કોટડા સરપંચ સત્યજીતભાઈ વાળાની હાજરીમાં યોજાયેલ હતો.

જેમાં અમરેલી ડિવિઝનના ૭ ડેપોના ભારતીય મજદૂર સંઘના તમામ હોદ્દેદારો તેમજ કાર્યકરો હાજર રહ્યા હતા.

નવા મહામંત્રી રાજેન્દ્રસિંહ વાળા તેમજ બાપલુભાઈ વાળાને તમામ અધિકારીઓ તેમજ કાર્યકરોએ આવકાર્યા હતા.









**અમરેલી ખાતે આઈટીઆઈ તાલીમાર્થીઓને પ્રોવિઝનલ ઓફર લેટર એનાયત કરવામાં આવ્યા**

# કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને કૌશલ્ય સશક્તિકરણ સમારંભ યોજાયો

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ૦૭થી ૧૫ ઓક્ટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ કડીના ભાગરૂપે બુધવારના રોજ દિલિપ સંઘાણી ટાઉન હોલ, અમરેલી મુકામે યુવા રોજગાર અને કૌશલ્ય સશક્તિકરણ સમારંભ યોજાયો હતો. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા સમારોહમાં નોકરી પ્રાપ્ત કરનારા યુવાનોને રોજગાર એનાયત પત્ર વિતરણ, ITI તાલીમાર્થીઓને પ્રોવિઝનલ ઓફર લેટર, અમરેલી જિલ્લાની વિવિધ ઔદ્યોગિક તાલીમ સંસ્થાના અપગ્રેડેશન અને વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન તાલીમ મળી શકે તેવા આશયથી ઉદ્યોગો સાથે MoU કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક





કૌશિકભાઈ વેકરીયાએ યુવાનોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા રોજગાર ભરતી મેળા થકી યુવાનોને નોકરી અપાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે ૦૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ શપથ લીધા હતા. રાજ્યની ૨૪ વર્ષની વિકાસગાથાની ઉજવણી કરવાના ભાગરૂપે આ વિકાસ સપ્તાહ યોજાઈ રહ્યું છે. કાર્યક્રમમાં અમરેલી આઈ.ટી.આઈમાં RACT લેબ ડેવલપમેન્ટ માટે રૂ. ૦૧ લાખનું અનુદાન આપવા બદલ શીતલ ઈન્ડસ્ટ્રીઝના સંચાલક ભૂપતભાઈ ભુવા, ઈલેક્ટ્રીશયન ટ્રેડ માટે મશીનરી વસાવવા માટે રૂ. ૦૨ લાખનું અનુદાન આપવા બદલ પી.જી.વી.સી.એલ અમરેલી, જાફરાબાદ અને સાવરકુંડલા, આઈ.ટી.આઈ. ખાતે પ્લમ્બર ટ્રેડ ડેવલપમેન્ટ માટે બંને આઈ.ટી.આઈને રૂ. ૧.૫૦ લાખનું અનુદાન આપવા બદલ પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના દર્શકભાઈ મજુમદારને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આઈ.ટી.આઈના વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન તાલીમ મળી શકે તે માટે અમરેલી જિલ્લાની શીતલ કુલ પ્રોડક્ટસ લી, રોઝફીન્ચ ફાર્માસ્યુટિક પ્રા.લી, તુલીપ કોટસ્પીન પ્રા.લી, રેડ એન્ડ વ્હાઈટ મલ્ટીમીડિયા, રાધેશ્યામ કોટસ્પીન પ્રા.લી, અલ્દય હેલ્થકેર સાથે MoU કરવામાં આવ્યા હતા.

## ભેંસવડી ગામે એંગલ તોડનાર ઈસમ સામે પોલીસ ફરિયાદ

લીલીયા,તા.૦૮

લીલીયા તાલુકાના ભેંસવડી ગ્રામ પંચાયતના સરપંચ મંજુલાબેન ભરતભાઈ હુંમર દ્વારા લીલીયા પોલીસને ફરિયાદ કરવામાં આવેલ છે કે ભેંસવડી ગામે શેત્રુંજી નદી પસાર થાય છે જે શેત્રુંજી નદીની આજુબાજુમાં સિંહોનો વસવાટ છે અને શેત્રુંજી નદીમાં રેતી ખૂબ સારી ગુણવત્તાવાળી ઉપલબ્ધ છે જે ખનીજ માફિયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે ખનન કરવામાં આવે છે જે ખનન અટકાવવા માટે ગામલોકો દ્વારા ગાડા કે બસને અવરજવર કરવામાં તકલીફ ન પડે તેવી રીતે એક એંગલ મારવામાં આવેલ જે એંગલ રેતી ખનન કરતા ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે તોડવામાં આવેલ છે જેથી એંગલ તોડનાર ઈસમો વિરુદ્ધ લીલીયા પોલીસમાં ફરિયાદ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માટે સરપંચ દ્વારા પત્ર પાઠવવામાં આવેલ છે.

**ચાલુ બસે ટાયર નીકળી જવું, બારી તૂટી જવી જેવા બનાવો સામાન્ય બન્યા**

# બગસરામાં ખખડધજ બસથી મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

બગસરા, તા.૦૮

બગસરા એસ.ટી.ડેપોનો વહીવટ છેલ્લાં ઘણા સમયથી સાવ ખાડે ગયો હોય તેવુ લાગી રહ્યું છે. ડ્રાઈવરોને સમય મુજબ બસ ન આપવી, રૂટમાં ખખડધજ બસ મુકવી જેવા બનાવો હવે સામાન્ય બની ગયા છે. આ બાબતે ડેપો મેનેજરને લેખીત રજૂઆત બાદ ડેપો મેનેજરની સૂચના પણ વર્કશોપ કર્મચારીઓ ઘોળીને પી જતા હોવાથી મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે. બગસરાથી ઉપડતી બસને વર્કશોપમાંથી જ સમય કરતા મોડી આપવામાં આવતી હોવાથી મુસાફરોને સમયનો વ્યય થાય છે તો રૂટમાં ગમે તેવી ખખડધજ બસ મુકવામાં આવતી હોવાથી બસ યોગ્ય સ્થળે પહોંચશે



તસવીર : મયુર પંડ્યા

કે કેમ? તેવો મુસાફરોમાં સવાલ ઉદ્દભવે છે. થોડા સમય પહેલા રાત્રિના સમયે બગસરા ડેપોની બસ અમરેલીથી બગસરા આવવા માટે નીકળી હતી ત્યારે ચાલુ બસે ટાયર નીકળી જતા મુસાફરોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા તો ગઈકાલે એક બસમાં આખી બારી તૂટી જતા ઠંડીના માહોલમાં મુસાફરો ઠુંઠવાયા હતા. આ બાબતે ડેપો મેનેજરને રજૂઆત કરતા ડેપો મેનેજરની સૂચના પણ વર્કશોપ કર્મચારીઓ ઘોળીને પી ગયા છે. વારંવાર રજૂઆત કરવા છતાં રૂટમાં ખખડધજ બસ મુકવામાં આવે છે. આ બાબતે ડી.સી., ડીએમઈ, ડીટીઓ સહિતના અધિકારીઓને પણ રજૂઆત કરવામાં આવી છે ત્યારે અધિકારીઓ મુસાફરોની મુશ્કેલી હલ કરવાને બદલે એકબીજાને ખો આપી રહ્યાં છે. બગસરા એસ.ટી.ડેપોના કથળેલા વહીવટીથી મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે.

**ડેપો મેનેજરે આપેલી સૂચનાને વર્કશોપ કર્મચારીઓ ઘોળીને પી ગયા**

# લાઠીના ધામેલમાં રૂ. ૧.૮૦ કરોડના ખર્ચે નવનિર્મિત માઈનોર બ્રિજનું લોકાર્પણ

લાઠી, તા.૦૮

લાઠી તાલુકાના ધામેલ ગામે લાંબા સમયથી પ્રતિક્ષિત એવા માઈનોર બ્રિજનું લોકાર્પણ ગઈકાલે ધામધૂમથી કરવામાં આવ્યું હતું. રૂ. ૧.૮૦ કરોડના માતબર ખર્ચે તૈયાર થયેલા આ નવનિર્મિત બ્રિજને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે



ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ બ્રિજથી ગ્રામજનોની વર્ષો જૂની સમસ્યાનો અંત આવ્યો છે. આ બ્રિજથી ગ્રામજનોને અવરજવરમાં ભારે સરળતા થશે અને જોખમ ટળશે. આ લોકાર્પણ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં તાલુકા પંચાયતના સદસ્યો, ગ્રામ પંચાયતના સરપંચ, ગ્રામ પંચાયતના સદસ્યો, સંગઠનના કાર્યકરો, વરિષ્ઠ આગેવાનો, વડીલો અને ગ્રામજનોનો સમાવેશ થાય છે.

**ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ઉદ્‌ઘાટન**

## જિલ્લામાંથી ૧૧ શરાબી ઝડપાયા

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી મળી ૧૧ શરાબી ઝડપી પાડ્યા હતા. લોકઅપમાં ધકેલાતા જ બધો નશો ગાયબ થઈ ગયો હતો. ટોડા ગામેથી બે લીટર, જાફરાબાદમાંથી ૪ લીટર અને વારાહ સ્વરૂપ ગામેથી ૪ લીટર મળી કુલ ૧૦ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો.

# દામનગરમાં નિર્માણાધીન ઓવરબ્રિજના ડાયવર્ઝનના અભાવથી વાહનચાલકો પરેશાન

દામનગર, તા.૦૮

દામનગર શહેરનાં ભુરખીયા રોડ પર આવેલ રેલવે લાઈનમાં પેસેન્જર ટ્રેન અને માલગાડીની સતત અવરજવરને કારણે ફાટક બંધ રહેવાને કારણે વાહન વ્યવહાર અને ઈમરજન્સી સેવાઓને અસર થતી હતી. આ સમસ્યા હલ કરવા માટે રજૂઆતના અંતે મંજૂર થયેલ ઓવરબ્રિજનું કામ શરૂ કરાયું છે. આ કામ શરૂ કરતા



પહેલા ડાયવર્ઝન આપવાનું હોય તે અપાયેલ ન હોવાથી વાહનચાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે. આથી તાત્કાલિક અસરથી ડાયવર્ઝન આપવામાં આવે એવી માંગ ઉઠી છે. આ ઓવરબ્રિજનું કામ લગભગ ત્રણેક વર્ષ સુધી ચાલશે.

# બગસરામાં ગોંડલના મહંત જેરામદાસજી મહારાજની ઉપસ્થિતિમાં સુંદરકાંડનું આયોજન

બગસરા,તા.૦૮

બગસરામાં જૈન ભોજનશાળા ખાતે સુંદરકાંડનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સુંદરકાંડ પરિવાર તેમજ બસીયા પરિવાર દ્વારા આપવામાં આવેલ આમંત્રણને માન આપીને ૩૦૦ કરતા વધારે ભાઈઓ તેમજ બહેનોએ આ સુંદરકાંડનો લાભ લીધો હતો. આ સુંદરકાંડમાં વિશેષમાં ગોંડલના રામજી મંદિરના



મહંત જેરામદાસજી મહારાજની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, તેમજ અમરેલીના પીપલેશ્વર મહાદેવ મંદિરના મહંત જયકૃષ્ણદાસજી મહારાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, બીજા પણ અનેક સંતોએ હાજર રહીને આ સુંદરકાંડની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

## અમરેલી જિલ્લામાં એક બાળકી સહિત બે લોકોના અપમૃત્યુ

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાં એક બાળકી સહિત બે લોકોના અપમૃત્યુ થયા હતા. વડીયાના ઈશ્વરીયા ગામે રહેતા પ્રવિણભાઈ વાલજીભાઈ ચૌહાણ (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મજબ, તેમની ૧૦ વર્ષીય પુત્રી ખારા નદીના ડેમમાં કપડા ધોવા માટે ગઈ હતી. તે વખતે અકસ્માતે પગ લપસી જતા નદીના પાણીમાં ડુબી જતા મરણ પામી હતી. અમરેલીના ગજેરાપરામાં રહેતા અરવિંદભાઈ પરશોતમભાઈ ધાનાણી (ઉ.વ.પ૨)એ અગમ્ય કારણોસર ઝેરી દવા પીતાં મોત થયું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**અમરેલી ડેપો દ્વારા આવક રળી આપતી બસ બંધ કરી દેવામાં આવી**

# સાંજની ૬ કલાકે ઉપડતી મહુવા-અમરેલી બસ શરૂ કરવા માંગ

અમરેલી,તા.૦૮

અમરેલી ડેપોની સાંજે મહુવાથી ૬-૦૦ કલાકે પરત ફરતી બસ લાંબા સમયથી બંધ કરવામાં આવેલ છે. આથી મહુવા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ મહુવા કામકાજ, ખરીદી, તબીબી કામ અંગે જતા વિજપડી સુધીના મુસાફરોને, સાવરકુંડલા સુધીના ગ્રામ્ય વિસ્તારના મુસાફરોને લોકલ બસ સુવિધા નહી મળતા મહુવાથી ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે. અમરેલી ડેપોએ બંધ કરેલ અમરેલી મહુવા સાંજની બસ તાકીદે શરૂ કરવા મુસાફરોએ માંગ કરી છે. અમરેલી ડેપો દ્વારા અવારનવાર ગમે તે બસ બંધ કરી દેતા હોવાથી વારંવાર ફરિયાદ ઉઠે છે. આ બાબતે અવારનવાર રજૂઆત કરવા છતાં અમરેલી એસ.ટી.વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. જેથી અમરેલીના એસ.ટી.વિભાગના અધિકારીઓ સામે ભારે રોષ ફેલાયો છે.




# અવસાન નોંધ

**બગસરા**

શારદાબેન હરિલાલ રૂપડા (ઉ.વ.૮૩)નું તા. ૦૭ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તે સુખડીયા સ્વ. હરિલાલ ન્યાયચંદ રૂપડાના ધર્મપત્ની થાય છે. સદગતનું બેસણું તા. ૦૯ને ગુરૂવારના રોજ ૪થી ૬ કલાકે તેમના નિવાસસ્થાન મીણબાઈના ચોરા સામે નાની બજાર બગસરા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ગુણવંતભાઈ જયંતીભાઈ દેસાઈ (ઉ.વ.૬૭)નું તા.૦૮ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તે તુષારભાઈ દેસાઈ, કાર્તિકભાઈ દેસાઈના પિતા થાય છે. સદગતનું બેસણું તા.૦૯ને ગુરૂવારના રોજ બપોરના ૩થી ૬ કલાકે પટેલવાડી શિવાજીનગર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**ચલાલા**

ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ સ્વ.શ્રી અરૂણભાઈ શાંતિલાલ ભટ્ટ (ઉ.વ.૭૬)નું તા.૦૭ના રોજ અવસાન થયેલ છે. તે બટુકદાદા (વૈદ)ના નાનાભાઈ અને શૈલેષ (ફુલાભાઈ) તથા હંસાબેન, રેખાબેન, લતાબેનના કાકા થાય છે. સદગતનું બેસણું ૦૯ને ગુરૂવારના રોજ સાંજના ૪થી ૬ કલાકે તેમના નિવાસસ્થાન કસ્તુરબા પરા, ચલાલા મુકામે રાખેલ છે.






## રાજકોટના સાંસદ પરશોત્તમ રૂપાલા અને ઈફ્કોના ચેરમેન દિલીપ સંઘાણી સહિત અગ્રણીઓ ગરબે ઘૂમ્યા

# અમર ડેરી ખાતે શરદોત્સવ અને મિલ્ક ડેની ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ અમર ડેરી દ્વારા પરંપરાગત રીતે શરદોત્સવ અને મિલ્ક ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ રાસોત્સવમાં રાજકોટના સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી સહિત અનેક સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અમર ડેરીના આંગણે યોજાયેલા આ રાસોત્સવમાં અમરેલી શહેર અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો, યુવતીઓ અને ખેલૈયાઓ પરિવાર સાથે ગરબે રમવા ઉમટી પડ્યા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગરબાનું ભવ્ય અને રંગારંગ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો પણ ખેલૈયાઓના





ઉત્સાહમાં જોડાયા હતા. સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા અને દિલીપભાઈ સંઘાણી પણ ખેલૈયાઓ સાથે દેશી ઢબે ગરબે રમતા જોવા મળ્યા હતા, જેમાં રાજકીય અગ્રણીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, મુકેશભાઈ સંઘાણીના માર્ગદર્શન નીચે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ તકે માનવ મંદિર સાવરકુંડલાના ભક્તિરામબાપુ, નારણભાઈ કાછડીયા, ગીતાબેન સંઘાણી, જયંતિભાઈ પાનસુરીયા, મનીષભાઈ સંઘાણી, નિગમભાઈ ગજેરા, ડીકે રૈયાણી, હિરેનભાઈ હિરપરા સહિત બેંક અને ડેરી સાથે સંકળાયેલા અન્ય સહકારી અગ્રણીઓ પણ આ શરદોત્સવમાં મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો. નવરાત્રી બાદ શરદોત્સવમાં રાસ-ગરબાના આયોજનો ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર થાય છે, જેમાં અમરેલી જિલ્લામાં પણ આવા અનેક નાના-મોટા કાર્યક્રમોનું આયોજન થાય છે. અમર ડેરી દ્વારા દર વર્ષે શરદોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. કાર્યક્રમની આભારવીધી રાજેશભાઈ માગંરોળીયાએ કરી હતી.

## દામનગરમાં વાડીની ઓરડીમાંથી પંખા સહિત ૧૦,૬૦૦ની ચોરી

**તસ્કરો ગેસની બોટલ સાથે સગડી પણ ઉઠાવી ગયા**

દામનગર, તા.૦૮

દામનગરમાં વાડીની ઓરડીમાંથી સીલીંગ ફેન, ગેસની બોટલ સાથેની સગડી, કેબલ વાયર મળી કુલ રૂ. ૧૦,૬૦૦ની ચોરી થઈ હતી. બનાવ અંગે મનસુખભાઈ રાઘવભાઈ કાનાણી (ઉ.વ.૫૩)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની ખેતીવાડીની જમીન દામનગર ધ્રુફણીયા રોડ ઈન્ડિયન પેટ્રોલ પંપથી આગળ આવેલી છે. વાડીની ઓરડીમાંથી સીલીંગ પંખો, ગેસની બોટલ લગાડેલો ચૂલો, કોપર પટ્ટીનો કેબલ મળી કુલ રૂ.૧૦,૬૦૦ની ચોરી કરી અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હતો. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલા માનવ મંદિર ખાતે શરદપૂર્ણિમા નિમિત્તે મનોરોગી બહેનોનો રાસ ગરબા મહોત્સવ યોજાયો

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલા ખાતે આવેલ માનવ મંદિર આશ્રમે શરદપૂર્ણિમા નિમિત્તે મનોરોગી બહેનોના રાસ ગરબા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ઈફ્કો ચેરમેન દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં મનોરોગી બહેનો તેમજ સાવરકુંડલા અને હાથસણી ગામની મંડળીઓ પરંપરાગત પહેરવેશમાં ઉપસ્થિત



રહી હતી. આ ઐતિહાસિક ગરબા મહોત્સવમાં સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, અમરેલી કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, ઈફ્કો ચેરમેનના ધર્મપત્ની ગીતાબેન સંઘાણી, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા સહિત સાવરકુંડલા, અમરેલી, હાથસણી, કાનાતળાવ સહિત ગામના અનેક મહાનુભાવો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મનોરોગી બહેનોને પ્રોત્સાહિત કરવા માટે ગીતાબેન દિલીપભાઈ સંઘાણીએ રૂ. ૧,૨૫,૦૦૦ની ભેટ આપી હતી, ઉપરાંત ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પણ રૂ. ૫૦,૦૦૦ આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

## બાબરાના નડાળા ગામે માતાજીના મઢમાંથી ૫૦ હજારની ચોરી

બાબરા, તા.૦૮

બાબરાના નડાળા ગામે માતાજીના મઢમાંથી રૂપિયા ૫૦ હજારની ચોરી થઈ હતી. બનાવ અંગે કમલેશભાઈ લાભુભાઈ બકોતરા (ઉ.વ.૩૨)એ ત્રણ અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના નડાળા ગામે આવેલ બકોતરા પરિવારના કુળદેવી સયડ માતાના મઢની અંદર કોઈ અજાણ્યા ત્રણ ચોર ઈસમોએ મઢમાં ચોરી કરવાના ઈરાદે પ્રવેશ કરી મઢની લોખંડની ગ્રીલનું તાળુ તોડી મઢની અંદર રાખેલ ચાંદીના આશરે છત્તર નંગ-૨૦ થી ૨૫, દાનપેટીમાં રાખેલ અંદાજીત રોકડા રૂ.૨૦,૦૦૦ મળી કુલ રૂ.૫૦,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.ડી. દેત્રુજા વધુ તપાસ કરી રહ્યા છે.

## થોરડી ગામના વેપારીએ સિમેન્ટના બાકી પૈસા માંગતા જીવલેણ હુમલો કર્યો

**તલવાર અને લાકડીથી ઢોર માર માર્યો**

સાવરકુંડલા, તા.૦૮

બાકી પૈસાની ઉઘરાણી કરવી એક વેપારીને ભારે પડી હતી. આરોપી પાસેથી સિમેન્ટના પૈસા માગવા જતાં આરોપીએ અન્ય સાગરિતો સાથે મળીને વેપારી પર જીવલેણ હુમલો કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, થોરડી ગામે રહેતા ઉઝેફ રસુલભાઈ પરમાર (ઉ.વ.૨૫)એ રાજુલાના દાનુભાઈ ખાચર, આદસંગ ગામના અનિરુદ્ધભાઈ ઉર્ફે લાલો મનુભાઈ ખાચર, ગૌતમભાઈ મનુભાઈ ખાચર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને દાનુભાઈ ખાચર પાસેથી ૧૦ થેલી સિમેન્ટના રૂપિયા ૩,૮૦૦/- બાકી હતા. તેમણે આ બાકી રકમ આરોપી પાસેથી માગતા આરોપીને આ વાત સારી ન લાગી. આરોપીએ તેમને પૈસા આપવાની ના પાડીને ગાળાગાળી કરી હતી. તમામ આરોપીઓએ તલવાર, પાઈપ અને લાકડી જેવા તીક્ષ્ણ હથિયારો ધારણ કરીને તેમના પર હુમલો કર્યો હતો. આ હુમલામાં તેમને પગ, પીઠ (વાંસાનો ભાગ) અને મોઢા ઉપર ગંભીર મુઢ ઈજાઓ પહોંચી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એલ. ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

## રાજુલા શહેરમાં વેપારીના ટેબલના ખાનામાંથી રોકડા ૪૦ હજારની ચોરી

રાજુલા, તા.૦૮

રાજુલામાં એક વેપારીના ટેબલના ખાનામાંથી રોકડા રૂ.૪૦ હજારની ચોરી કરવામાં આવી હતી. ઉપરાંત તમાકુના પાઉચ અને ડબલા વેરવિખેર કરી નાખવામાં આવ્યા હતા. છગનભાઈ વાલાભાઈ બલદાણીયા (ઉ.વ.૫૨)ની છતડીયા રોડ ગોરડીયા કોમ્પ્લેક્સમાં આવેલ દુકાનમાં બે અજાણ્યા ચોર ઈસમોએ રાત્રીના સમયે ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. ચોરોએ દુકાનમાં રહેલ સોપારી, સિગારેટ તથા તમાકુના પાઉચ અને ડબલાઓ વેરવિખેર કરી નાખ્યા હતા, જે દર્શાવે છે કે તેઓએ સામાનની પણ ઉથલપાથલ કરી હતી. ચોર ઈસમોએ દુકાનના ટેબલના ખાનામાં રાખેલા એક થેલામાંથી રોકડ રકમ રૂ.૪૦,૦૦૦ની ચોરી કરી હતી. પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એસ. બાંભણીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## ચલાલાથી ગરમલી જવાના રસ્તે કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

અમરેલી, તા.૦૮

પોલીસે ગેરકાયદેસર દારૂની હેરાફેરી રોકવા માટે હાથ ધરેલી ઝુંબેશ અંતર્ગત એક મોટી સફળતા મેળવી હતી. બાતમીના આધારે પોલીસે દમણ-દીવ વિસ્તારમાંથી લાવવામાં આવતો ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડ્યો અને એક આરોપીની ધરપકડ કરી હતી. ઘટનાની વિગતો અનુસાર, અમરશીભાઈ ગોવિંદભાઈ દાફડા તેના હવાલાવાળી કારમાં ગેરકાયદેસર રીતે વગર પાસ-પરમીટે દારૂની હેરાફેરી કરી રહ્યો હતો.



તસવીર : પ્રકાશ કારીયા

ચલાલાથી ગરમલી જવાના રસ્તે હુડકો-૨ની પાછળ પોલીસે આ કારને આંતરીને તલાશી લેતા, તેમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વિવિધ બ્રાંડની ૪૪ બોટલ, એક મોબાઈલ, કાર મળી કુલ ૬,૨૬,૯૧૪ નો મુદામાલ જપ્ત કર્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ ત્રીજ
તા.૦૯-૧૦-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૧૮,
સૂર્યાસ્ત-૦૫:૫૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ભરણી

## દૈનિક રાશિફળ

**તા.૦૯-૧૦-૨૦૨૫ ગુરૂવાર**

મેષઃ આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભઃ આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુનઃ ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશો. દુશ્મનના વિવાદથી આજે પરેશાન થશો.

કર્કઃ આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહઃ આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યાઃ આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલાઃ આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે.

વૃશ્ચિકઃ આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધનઃ આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

મકરઃ આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભઃ આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીનઃ આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. જો તમે કામ કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે.

## અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે વન્ય સપ્તાહ નિમિત્તે 'વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ' તાલીમનું આયોજન

સાવરકુંડલા, તા.૦૮

કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી જંગલના નજીકના વિસ્તારમાં આવેલ હોવાથી અને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં હાલોલ (પાવાગઢ જંગલ નજીક) અભ્યાસ અર્થે જવાનું હોવાથી, વન્યજીવોને ઓળખવા, તેના વિશે જ્ઞાન પ્રાપ્ત કરવાના ઉમદા હેતુથી આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં નાયબ વન સંરક્ષક



ડી.એસ. ભરાઈ, કોલેજના આચાર્ય ડૉ. એસ.પી. દેશમુખ અને મદદનીશ વન સંરક્ષક ડૉ. રાજન જાદવ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન ડૉ. રાજન જાદવે વિદ્યાર્થીઓને વન્યજીવોનું નેચરલ ફાર્મિંગમાં મહત્વ, ઈકોસિસ્ટમ સાથેનું જોડાણ, વિવિધ સાપની જાતો વિશે વિગતવાર માહિતી આપી હતી. વનરક્ષક વી.બી. જોશીએ સાપની ઝેરી અને બિનઝેરી જાતો વિશે, તેમજ સર્પદંશના ઉપાયો અને અંધશ્રદ્ધાઓ વિશે જ્ઞાન આપ્યું હતું. આચાર્ય દેશમુખે મધમાખી અને અન્ય વન્યજીવોનું પ્રાકૃતિક ખેતીમાં મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કોલેજ ખાતે ફાયર એક્સટિંગ્વિશરની તાલીમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## ધારીના ખીચા ગામે ખેડૂતના બાઈકની વાડીએથી ઉઠાંતરી

**વાડીના શેઢે બાઈક પાર્ક કર્યું હતું**

ધારી, તા.૦૮

ધારીના ખીચા ગામે રહેતા એક ખેડૂતના બાઈકની તેની વાડીએથી ઉઠાંતરી થઈ હતી. જગદિશભાઈ લાભુભાઈ ઠુંમર (ઉ.વ.૫૧) એ જાહેર કર્યા મુજબ, તેમની આ કામના ફરિયાદીની માલિકીના મોટર સાયકલ કિં.રૂ.૯૭,૦૦૦ની બપોરના સાડા ચાર વાગ્યાથી સાડા પાંચેક વાગ્યા દરમ્યાન જુના ખીચા દેવળા જવાના રસ્તે પાટી વિસ્તાર તરફ ફરિયાદીની વાડીના શેઢેથી કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. માઢક વધુ તપાસ કરી રહ્યા છે.

## બાબરાના ગમા પીપળીયા ગામે વેપારીને મુંઢમાર માર્યો

**ભાડાના વધારે રુપિયા લેવા ગાળો પણ આપી**

બાબરા, તા.૦૮

બાબરાના ગમા પીપળીયા ગામે એક વેપારીને મુંઢમાર મારવામાં આવ્યો હતો. ભાડાના વધારે રૂપિયા લેવા ગાળો પણ આપવામાં આવી હતી. બનાવ અંગે ભાનુભાઈ મોહનભાઈ પાનસેરીયા (ઉ.વ.૫૩)એ મનવર ઉર્ફે રવીભાઈ કાનગડ તથા કિશનભાઈ કાનગડ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના નાનાભાઈનો દીકરો વિરાજ મોટા ભંડારીયા ખાતે આવેલ નવોદય સ્કૂલે અભ્યાસ કરતો હોય તેને તેડી લાવવા માટે તેમણે કિશનભાઈની ઈકો ફોરવ્હીલ ગાડી ભાડે કરી હતી. જે ભાડાના રૂપિયા એક હજાર થતાં હતા. જે તેમણે આપી દીધા હતા. તેમ છતાં વધારે ભાડુ લેવા માટે આરોપીએ તેને ગાળો આપી ઢીકાપાટુનો મુઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.આર. ગરૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

## ભીંગરાડ ગામથી આસોદર ગામ જવાના રસ્તેથી ચાર જુગારી રોકડા ૧૬,૫૫૦ સાથે ઝડપાયા

લાઠી, તા. ૦૮

લાઠીમાંથી પોલીસે ચાર જુગારીને રોકડા ૧૬,૫૫૦ સાથે ઝડપી પાડ્યા હતા. ભીંગરાડ ગામથી આસોદર ગામ જવાના રસ્તે પુલ પાસેથી જમાલભાઈ અબદુલભાઈ મીઠાણી, સતારભાઈ હાજીભાઈ સૈયદ, સલીમભાઈ દાઉદભાઈ સૈયદ,) મુસાભાઈ યુસુફભાઈ સૈયદ જાહેરમાં ગંજીપત્તાના પાના તેમજ પૈસાથી તીનપત્તી નામનો હારજીતનો જુગાર રમી રમતા રોકડા રૂ.૧૬,૫૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

## વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત અમરેલી જિલ્લામાં 'વિકાસ રથ'નું પ્રસ્થાન

અમરેલી, તા.૦૮

રાજ્યમાં 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત અમરેલી જિલ્લાના ગ્રામ્ય પંથકમાં ૦૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી 'વિકાસ રથ' પરિભ્રમણ કરશે. ત્યારે પ્રથમ દિવસે ૦૭ ઓક્ટોબરના રોજ લાઠી તાલુકાના કાચરડી મુકામે 'વિકાસ રથ'નું સ્વાગત કરવામાં આવ્યું હતું. નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સમારોહમાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયું હતું અને લાભાર્થીઓને લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના વિકાસમાં ઉમેરો કરતા અંદાજિત રૂ. ૦૫ લાખના વિકાસકાર્યોનું લોકાર્પણ અને અંદાજિત રૂ. ૧૮ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉપરાંત રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભાર્થીઓને સીધો લાભ વિતરણ કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૪ વર્ષ અગાઉ રાજ્યની વણથંભી વિકાસયાત્રા શરુ કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તા.૦૭ થી તા.૧૫ ઓક્ટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પ્રતિદિન ૦૩ ગામમાં વિકાસ રથનું આગમન થશે.

**તંત્રી લેખ**

# હિંસાની આગમાં શાંતિનો સંદેશ


અઢી હજાર વર્ષ પહેલા ભગવાન મહાવીર સ્વામીએ અહિંસાનો માર્ગ જગતને બતાવ્યો હતો. પૂજ્ય મહાત્મા ગાંધીએ પણ અહિંસાને સૌથી વધુ અગત્યતા આપી હતી. આજની દુનિયામાં અહિંસાની સૌથી વધુ જરૂર છે. આજે જગતના ડઝનબંધ દેશો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યા છે. તેમાં શાંતિની વાતો થાય છે. આજથી બે વર્ષ પહેલાં, ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ગાઝામાંથી છૂટેલા રોકેટોએ એક ભીષણ યુદ્ધની શરૂઆત કરી હતી. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેનું આ યુદ્ધ આજે બે વર્ષ પૂરાં કરી રહ્યું છે, જેમાં હજારો માસૂમ લોકોના પ્રાણ ગયા છે અને સમગ્ર ગાઝા પ્રદેશ ખંડેરમાં ફેરવાઈ થઈ ગયો છે. લગભગ ૬૭,૦૦૦થી વધુ પેલેસ્ટાઈનીઓ અને ૧,૯૯૫ ઈઝરાયેલીઓના જીવનનું નુકસાન થયું છે. આ યુદ્ધે માનવતા માટે એક ગંભીર પ્રશ્નચિહ્ન ઊભું કર્યું છે. પરંતુ હમણાં જે શાંતિ વાટાઘાટોનો પ્રારંભ થયો છે, તે આ અંધારામાં એક આશાના કિરણ સમાન છે. વિશ્વભરમાં આજે અનેક યુદ્ધો અને સંઘર્ષો ચાલી રહ્યા છે. રશિયા-યુક્રેન યુદ્ધ સાડા ત્રણ વર્ષથી ચાલુ છે, જેનાથી વૈશ્વિક સંબંધોમાં ઊથલપાથલ થઈ છે. યમન, સીરિયા, મ્યાનમાર જેવા દેશોમાં પણ સંઘર્ષની જ્વાળા સળગી રહી છે. આ બધા યુદ્ધો માનવીય વેદના, વિસ્થાપન અને વિનાશની કહાણી કહે છે. આવા સમયમાં ગાઝામાં શાંતિ માટેની ચર્ચાઓ વધુ મહત્વપૂર્ણ બની જાય છે. ગાઝા પીસ પ્લાન અને ઈજિપ્તમાં ચાલતી વાટાઘાટો યુદ્ધને થોડો વિરામ આપી શકે તેવી આશા જગાડે છે. અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પ અને ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ રજૂ કરેલ આ યોજનાને હમાસે પણ સ્વીકારી છે. પરંતુ માર્ગ હજુ પણ અવરોધોથી ભરપૂર છે. ઈઝરાયેલના નેતૃત્વની માનસિકતા, હમાસની શંકાઓ અને ગાઝાનું ભવિષ્ય એ મુખ્ય પડકારો બની રહ્યા છે. ટ્રમ્પનું દબાણ અને ઈઝરાયેલી જનતાની યુદ્ધવિરોધી લહેર આ ચર્ચાઓને ગતિ આપી શકે છે. ગાઝાનું પુનર્નિર્માણ અનેક દાયકાઓ સુધી ચાલે તેમ લાગે છે. વધુ મહત્વનો મુદ્દો એ છે કે શું પેલેસ્ટાઈનના અલગ રાજ્યની રચના સ્વીકારવામાં આવશે? ૧૫૦થી વધુ દેશો આ માગણીને સમર્થન આપે છે, પણ ઈઝરાયેલ તેનો સખત વિરોધ કરે છે. કાયમી શાંતિ માટે એક સ્વતંત્ર પેલેસ્ટાઈન રાજ્ય જ જવાબ હોઈ શકે છે, તેવી વિશ્વવ્યાપી માન્યતા છે. આ કટુ સત્ય છે કે યુદ્ધ કોઈ સમસ્યાનો ઉકેલ નથી, તે માત્ર નવી સમસ્યાઓ જન્મ આપે છે. ગાઝાની ધરતી રક્તમાં નહાઈ ચૂકી છે. હવે સમય છે શાંતિ, સહિષ્ણુતા અને સહઅસ્તિત્વનો. દુનિયાની જનતા ઈચ્છે છે કે આ યુદ્ધનો અંત આવશે અને ગાઝાના બાળકો ફરી એકવાર સ્વચ્છ આકાશ નીચે શાંતિથી રહી શકશે. ચાલુ ચર્ચાઓમાં જો બંને પક્ષો થોડું જતું કરીને માનવતાના હિતને પ્રાધાન્ય આપે, તો જ ટકાઉ શાંતિનો માર્ગ સધ્ધર થઈ શકે. શાંતિ એ જ એકમાત્ર રાહત છે, એ સમજી લેવાનો સમય હવે આવી ગયો છે. ગાઝાની જમીન પર આજે જે દૃશ્ય છે તે હૃદયવિદારક છે. લોકોને ખાવા માટે અનાજ નથી, પીવા માટે સ્વચ્છ પાણી નથી અને ઈજાગ્રસ્તો માટે દવાઓ નથી. આ એક માનવીય સંકટ છે જેની સામે દુનિયાની સંજીવની સંસ્થાઓ ચેતવણી આપી રહી છે. યુદ્ધના આ ભીષણ સ્વરૂપે બંને બાજુના સામાન્ય નાગરિકોનું જીવન નર્ક બનાવી દીધું છે. ઈઝરાયેલમાં પણ લોકો યુદ્ધથી થાકી ગયા છે અને તેઓ નેતન્યાહૂ સરકાર સામે શાંતિપૂર્ણ પ્રદર્શનો કરી રહ્યા છે. આ યુદ્ધ ફક્ત ગાઝા સુધી સીમિત નથી રહ્યું. તે લેબેનોનના હિઝબુલ્લાહ, યમનના હુથીઓ અને ઈરાન સુધી વિસ્તર્યું છે. આખો મધ્ય પૂર્વ પ્રદેશ એક વિસ્ફોટક સ્થિતિમાં છે. અમેરિકા સહિતની મહાસત્તાઓ આ સંઘર્ષને નિયંત્રિત કરવામાં અસમર્થ સાબિત થઈ છે. ટ્રમ્પની ધમકીઓ અને દબાણ છતાં નેતન્યાહૂ સંપૂર્ણ યુદ્ધવિરામ માટે તૈયાર દેખાતા નથી. તેમનું રાજકીય ભવિષ્ય આ યુદ્ધ સાથે જોડાઈ ગયું છે, જે આખી પરિસ્થિતિને વધુ જટિલ બનાવે છે. શાંતિ પ્રક્રિયામાં સૌથી નાજુક મુદ્દો બંધકોનો છે.

# ડિજિટલ ઈન્ડિયાનું નવું સોપાન એટલે ફિનટેક ૨૦૨૫

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ડિજિટલ ઈન્ડિયા એ ભારત સરકારની એક મહત્વાકાંક્ષી પહેલ છે જે દેશને ડિજિટલ તકનીકીના માધ્યમથી વધુ સશક્ત અને સમાવેશી બનાવવા માટે શરૂ કરવામાં આવી છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય છે કે દરેક નાગરિકને ઈન્ટરનેટ અને ડિજિટલ સુવિધાઓની પહોંચ મળે, જેથી તેઓ આર્થિક, શિક્ષણ અને આરોગ્ય જેવા ક્ષેત્રોમાં વધુ સ્વતંત્ર અને કાર્યક્ષમ બને. સરળ ભાષામાં કહીએ તો, ડિજિટલ ઈન્ડિયા એટલે ગામડાંથી લઈને શહેરો સુધીના લોકોને મોબાઈલ અને કમ્પ્યુટર જેવા સાધનો દ્વારા સરકારી સેવાઓ, વેપાર અને વ્યવહારને સરળ બનાવવા. આ પહેલ હેઠળ, આધાર કાર્ડ જેવી ડિજિટલ ઓળખ, ઓનલાઈન બેન્કિંગ અને ઈ-ગવર્નન્સ જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેથી પેપર વર્ક ઘટે અને પારદર્શિતા વધે. આનાથી નાના વેપારીઓ, ખેડૂતો અને સામાન્ય માણસને તેમના રોજિંદા જીવનમાં મદદ મળે છે, અને દેશને વૈશ્વિક સ્તરે વધુ આધુનિક બનાવવામાં આવે છે. ડિજિટલ ઈન્ડિયા પહેલમાં છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે, જેમાં યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) જેવી તકનીકોમાં ક્રાંતિ આવી છે. આ પહેલની શરૂઆત ૨૦૧૫માં થઈ ત્યારથી, ભારતમાં ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યા અબજોમાં પહોંચી ગઈ છે, અને ડિજિટલ વ્યવહારોમાં અનેકગણો વધારો થયો છે. જન ધન યોજના હેઠળ કરોડો બેન્ક ખાતા ખોલવામાં આવ્યા, જેનાથી ઓછી આવક ધરાવતા લોકોને પણ બેન્કિંગ સુવિધાઓ મળી. UPIએ પેમેન્ટને એટલું સરળ બનાવ્યું કે આજે કોઈ પણ વ્યક્તિ મોબાઈલથી સેકન્ડોમાં પૈસા મોકલી અથવા મેળવી શકે છે, જેનાથી વેપાર અને વ્યવહારમાં ઝડપ આવી છે. આ ઉપરાંત, આધાર-આધારિત સેવાઓએ સરકારી યોજનાઓનું વિતરણ વધુ કાર્યક્ષમ બનાવ્યું છે, અને પાન્ડેમિક દરમિયાન ઓનલાઈન શિક્ષણ અને હેલ્થકેર જેવા ક્ષેત્રોમાં તેની અસર સ્પષ્ટ જોવા મળી. આ પ્રગતિએ ભારતને વિશ્વના સૌથી ઝડપથી વિકસતા ડિજિટલ અર્થતંત્ર તરીકે સ્થાપિત કર્યું છે, જ્યાં ફિનટેક કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સનો વિકાસ થયો છે. આ તમામ પ્રયાસોથી ગ્રામીણ વિસ્તારોમાં પણ ડિજિટલ સાક્ષરતા વધી છે, અને દેશના આર્થિક વિકાસને નવી દિશા મળી છે. આ પ્રગતિના ચાલુ ક્રમમાં, ૨૦૨૫માં મુંબઈમાં યોજાયેલા ફિનટેક ફેસ્ટમાં ભારતની ડિજિટલ ક્રાંતિને વધુ મજબૂત બનાવતી મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી છે. આ એશિયાના સૌથી મોટા ફિનટેક ઈવેન્ટમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ના ગવર્નર અને કેન્દ્રીય નાણા મંત્રીએ ડિજિટલ સુવિધાઓ અને સરળ ધિરાણ પર ધ્યાન કેન્દ્રિત કરીને નવી પહેલોની શરૂઆત કરી. આ જાહેરાતોનો સીધો લાભ સામાન્ય નાગરિકો, નાના વેપારીઓ અને ઓછી આવક ધરાવતા જૂથોને થશે, જે ડિજિટલ ઈન્ડિયાના મૂળ ઉદ્દેશ્યને વધુ મજબૂત બનાવે છે. સૌથી વધુ ચર્ચિત જાહેરાતમાં સેકન્ડોમાં મળનારી ૧૫ હજાર રૂપિયા સુધીની લોનનો સમાવેશ થાય છે, જેનાથી ખરીદી કરતી વખતે પૈસા ખતમ થઈ જાય તો પણ તાત્કાલિક મદદ મળી શકે. આ માટે 'ઈન્સ્ટન્ટ માઈક્રો-ક્રેડિટ ફ્રેમવર્ક' રજૂ કરવામાં આવ્યું છે, જેમાં એકાઉન્ટ એગ્રીગેટર ડેટાનો ઉપયોગ કરીને નોકરીયાતો અને નાના વેપારીઓને ફક્ત સેકન્ડોમાં ૫ હજારથી ૧૫ હજાર રૂપિયા સુધીની લોન મળી શકે છે. આ ફ્રેમવર્ક બેન્કોને કાગળકામમાંથી મુક્ત કરે છે, કારણ કે એગ્રીગેટર ગ્રાહકના આવક ડેટાની તાત્કાલિક અને સુરક્ષિત ઍક્સેસ પ્રદાન કરે છે, જેનાથી પ્રક્રિયા અત્યંત ઝડપી બને છે. આ લોન પર વ્યાજ દર પરંપરાગત વ્યક્તિગત લોન કરતા ઓછા હશે, જેમ કે RBI ગવર્નરે સંકેત આપ્યો છે, અને આ તકનીકી આધારિત સરળ ફાઈનાન્સને ટેકો આપશે. આની સાથે, પસંદગીની બેન્કો અને ફિનટેક કંપનીઓ UPI યુઝર્સને ૭થી ૩૦ દિવસના ટૂંકા ગાળા માટે ૫ હજારથી ૧૫ હજાર રૂપિયા સુધીની ક્રેડિટ લિમિટ આપશે, જેથી ગ્રાહકો તેમના બેન્ક ખાતાને બદલે સીધા ક્રેડિટ લાઈનનો ઉપયોગ કરી શકે. આનાથી મહિનાના અંતે રોકડ ખતમ થઈ જાય તો પણ ખરીદીમાં અડચણ ન આવે, અને નાના વેપારીઓને તેમના વ્યવસાયને સરળતાથી ચલાવવામાં મદદ મળે. આ પહેલ ડિજિટલ ઈન્ડિયાની પ્રગતિને વધુ વિસ્તારે છે, કારણ કે તે નાના અને તાત્કાલિક ધિરાણને પ્રોત્સાહન આપે છે, જે અગાઉ માત્ર મોટા બેન્કિંગ વ્યવહારોમાં જ સીમિત હતું. આ ઉપરાંત, ફિનટેક ફેસ્ટમાં ઓફલાઈન UPI પેમેન્ટની સુવિધાની જાહેરાત કરવામાં આવી, જે ઈન્ટરનેટ વિના પણ કાર્ય કરે છે. આ ખાસ કરીને નાના દુકાનદારો, શેરી વિક્રેતાઓ અને ગ્રામીણ વિસ્તારોના લોકો માટે વરદાન સાબિત થશે, જેમની પાસે સ્માર્ટફોન અથવા ઈન્ટરનેટની સુવિધા નથી. આ સુવિધા ફીચર ફોનનો ઉપયોગ કરીને કાર્ય કરશે, જે ટોકન-આધારિત સિસ્ટમ પર આધારિત છે. ૨૦૨૪ના રિપોર્ટ મુજબ, દેશમાં આશરે ૩૫ કરોડ લોકો હજુ પણ ફીચર ફોનનો ઉપયોગ કરે છે, અને ૨૦૧૯માં આ આંકડો ૪૦ કરોડથી વધુ હતો. આ જાહેરાત ડિજિટલ ઈન્ડિયાના સમાવેશી સ્વરૂપને મજબૂત બનાવે છે, કારણ કે તે દૂરના વિસ્તારોમાં પણ ડિજિટલ પેમેન્ટને સુલભ બનાવે છે, અને તેથી આર્થિક વિકાસને વેગ આપે છે. આ ઈવેન્ટમાં વધુ એક મહત્વપૂર્ણ પહેલ તરીકે AI-આધારિત ફ્રોડ મોનિટરિંગ સિસ્ટમની જાહેરાત કરવામાં આવી, જે બધી મોટી બેન્કો દ્વારા અપનાવવામાં આવશે. આ સિસ્ટમ તાત્કાલિક અસામાન્ય વ્યવહાર પેટર્નને ઓળખીને ગ્રાહકોને શંકાસ્પદ પ્રવૃત્તિ વિશે ચેતવણી આપશે, જેથી બેન્કિંગ છેતરપિંડીને અટકાવી શકાય. આ ઉપરાંત, ફિનટેક કંપનીઓ અને બેન્કો માટે 'નાણાકીય સાક્ષરતા સૂચકાંક' પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય બે વર્ષમાં ૧૦ કરોડ લોકોને ડિજિટલ ફ્રોડથી બચાવવા અને યોગ્ય નાણાંકીય ઉત્પાદનો પસંદ કરવા વિશે શિક્ષિત કરવાનો છે. આ પહેલો ડિજિટલ ઈન્ડિયાની સુરક્ષા અને વિશ્વસનીયતાને વધારે છે, કારણ કે તેમાં તકનીકીનો ઉપયોગ કરીને છેતરપિંડીને ઘટાડવામાં આવે છે. આ તમામ જાહેરાતોમાં સૌથી તાજી અને તાત્કાલિક અમલમાં આવનારી છે UPIમાં બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનની સુવિધા, જે ૮ ઓક્ટોબર, ૨૦૨૫થી શરૂ થઈ છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા આ પહેલ હેઠળ, UPI પેમેન્ટ માટે પીનની જરૂર રહેશે નહીં, પરંતુ ફિંગરપ્રિન્ટ અથવા ફેસ ઓથેન્ટિકેશન જેવા બાયોમેટ્રિક ડેટાનો ઉપયોગ કરી શકાશે. આ વૈકલ્પિક સુવિધા આધાર સિસ્ટમ સાથે જોડાયેલી છે, અને યુઝર્સ તેમના ફોનમાં આ માહિતી સુરક્ષિત રીતે દાખલ કરીને પેમેન્ટને મંજૂરી આપી શકે છે. આનાથી પેમેન્ટ પ્રક્રિયા વધુ સુરક્ષિત અને સરળ બનશે, ખાસ કરીને તે લોકો માટે જેમને પીન યાદ રાખવામાં મુશ્કેલી પડે છે. આ તમામ પહેલો ભારતની ડિજિટલ ક્રાંતિને નવી ઊંચાઈઓ પર લઈ જાય છે, જ્યાં સામાન્ય માણસનું જીવન વધુ સરળ અને સુરક્ષિત બને છે. ફિનટેક ફેસ્ટ ૨૦૨૫એ બતાવ્યું કે કેવી રીતે તકનીકી અને નીતિઓના સંયોજનથી ભારત વિશ્વમાં ફિનટેકનું કેન્દ્ર બની શકે છે. આ જાહેરાતોના અમલથી નાના વેપારીઓનો વિકાસ થશે, ગ્રામીણ અર્થતંત્ર મજબૂત બનશે અને ડિજિટલ સાક્ષરતા વધશે, જે ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને વાસ્તવિકતામાં ફેરવે છે.

## શબ્દ સંજોગ-૨૦૮૨



**આડી ચાવી :**

(૧) આખી પૃથ્વી (૪)
(૪) ભેદ, અભાવ (૪)
(૬) વેપાર, ધંધો (૩)
(૭) કમર, કટિ (૨)
(૮) ....... વા કુંજરોવા (૨)
(૧૦) એક તંતુ વાદ્ય (આ-અ) (૪)
(૧૪) તિરાડ, ફાટ (૨)
(૧૫) પાણી, નીર (૨)
(૧૭) પતિ, રમણ (૨)
(૧૮) એક અટક (૨)
(૧૯) જૈન ધર્મનો એક પંથ (૪)
(૨૧) યથાર્થતા (૩)
(૨૩) બળદ હાંકતા કરાતો અવાજ (૨)
(૨૪) અંતનું, છેવટનું (૩)
(૨૬) ઈજ્જત રાખતો અવયવ (૨)
(૨૮) કુળ, ઓલાદ (૨)
(૨૯) ધાતુના તાર ખેંચનારો (૪)

**ઉભી ચાવી :**

(૧) નવ પ્રકારે (૩)
(૨) કપાસનો છોડ (૨)
(૩) એક પક્ષી (૩)
(૪) ઘોડી (૩)
(૫) એક જમાનામાં ભૂલાઈ ગયેલો આજે પાછો આવ્યો છે (૩)
(૯) રોતલ, રોતડું (૩)
(૧૧) પરિચારિકા (૨)
(૧૨) લહેજત (૩)
(૧૩) પૃથ્વી (૩)
(૧૫) ઘરગથ્થુ સામાન (૩)
(૧૬) ચીકણો તાર (અ) (૨)
(૧૭) એક ઝાડ (આ-અ) (૪)
(૧૯) અમિતાભ બચ્ચનની પુત્રી (૨)
(૨૦) મોટું, બડું (૨)
(૨૧) નુકસાન, હાનિ (૨)
(૨૨) મમત્વ (૩)
(૨૪) વર્તુળનો ૩૬૦ મો ભાગ (૨)
(૨૫) રાખ, ધૂળ (૨)
(૨૭) એક વનસ્પતિ (૨)

## શબ્દ સંજોગ-૨૦૮૧ જવાબ

**આડી ચાવી:** (૧) ફરાશી (૪) શીશગર (૭) લાવરી (૮) નહેર (૯) દો (૧૦) નક્ર (૧૨) નમદો (૧૫) શારજહા (૧૭) આણ (૧૮) કલહ (૨૦) ખડ (૨૧) વાગોળ (૨૨) લૂ (૨૩) લૌકિક (૨૪) લાર (૨૫) મતા (૨૭) વોત (તવો) (૨૮) ફેર (૨૯) નરવો (૩૦) સ્મરણીય. **ઉભી ચાવી :** (૧) ફલાશા (૨) રાવ (૩) શીરીન (૪) શીન (૫) શહેનશાહ (૬) ગરમર (૧૧) ક્રમાંક (૧૩) દોજખ (૧૪) પણગો (૧૬) હાડમાર (૧૭) આવાગમન (૧૯) લટકિત (૨૩) લૌવો (૨૪) લારણી (૨૬) તાર (૨૮) ફેર.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૪૫ | ૧૬૦૫ |
| ઘઉં લોકવન | ૫૨૧ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૧૯ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૮૪૮ |
| જુવાર લાલ | ૫૦૦ | ૮૭૫ |
| બાજરી | ૩૦૫ | ૩૮૪ |
| તુવેર | ૯૫૦ | ૧૩૧૩ |
| ચણા પીળા | ૮૬૦ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૯૭૫ |
| અડદ | ૧૦૫૦ | ૧૫૫૪ |
| મગ | ૧૧૫૧ | ૧૭૮૦ |
| વાલ દેશી | ૭૫૦ | ૮૨૮ |
| ચોળી | ૮૦૦ | ૧૪૪૨ |
| વટાણા | ૧૦૫૦ | ૧૬૦૦ |
| રાજમા | ૯૮૧ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૧૦૮૦ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૭૧૫ | ૧૦૭૦ |
| મગફળી જીણી | ૮૧૧ | ૧૨૨૦ |
| તલી | ૧૪૦૦ | ૨૦૧૩ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૭૯ |
| અજમો | ૯૯૦ | ૧૮૪૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૭૫ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૩૦૦ |
| કાળા તલ | ૩૧૭૫ | ૪૦૬૦ |
| લસણ | ૪૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૩૨૫ | ૧૪૯૦ |
| ધાણી | ૧૩૩૦ | ૧૫૨૧ |
| વરીયાળી | ૯૮૦ | ૧૪૩૪ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૫૫૦ |
| રાય | ૧૩૫૦ | ૧૬૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૯૦ |
| અશેરીયો | ૧૧૨૫ | ૧૧૭૫ |
| કલોંજી | ૩૦૦૦ | ૪૨૭૫ |
| રાયડો | ૧૧૨૦ | ૧૨૬૦ |
| રજકાનું બી | ૬૫૦૦ | ૮૦૦૦ |
| ગુવારનું બી | ૭૮૦ | ૯૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૬૦૫ | ૧૧૦૫ |
| પપૈયા | ૧૦૬ | ૧૫૩ |
| બટેટા | ૧૫૧ | ૪૩૩ |
| ડુંગળી સુકી | ૬૦ | ૨૪૫ |
| ટમેટા | ૩૧૧ | ૬૦૮ |
| સુરણ | ૬૦૧ | ૮૦૪ |
| કોથમરી | ૧૬૦૯ | ૨૨૧૨ |
| મુળા | ૧૪૨ | ૩૫૬ |
| રીંગણા | ૨૮૦ | ૬૪૦ |
| કોબીજ | ૧૦૩ | ૨૪૨ |
| ફ્લાવર | ૩૫૦ | ૬૨૦ |
| ભીંડો | ૨૪૫ | ૫૨૫ |
| ગુવાર | ૧૦૪૨ | ૧૬૬૩ |
| ચોળાસીંગ | ૪૬૦ | ૭૮૦ |
| વાલોળ | ૪૫૩ | ૮૪૪ |
| ટીંડોરા | ૭૧૦ | ૯૨૨ |
| દુધી | ૨૦૫ | ૩૦૬ |
| કારેલા | ૧૬૦ | ૪૪૦ |
| સરગવો | ૧૪૩૫ | ૨૦૧૨ |
| તુરીયા | ૪૪૦ | ૭૨૦ |
| પરવર | ૫૫૦ | ૧૧૦૯ |
| કાકડી | ૨૮૨ | ૭૫૪ |
| ગાજર | ૬૫૨ | ૮૧૫ |
| વટાણા | ૩૪૦૭ | ૪૬૧૨ |
| ગલકા | ૩૨૦ | ૬૨૦ |
| બીટ | ૩૦૮ | ૪૦૭ |
| મેથી | ૧૫૦૩ | ૨૧૧૨ |
| વાલ | ૫૪૨ | ૭૪૪ |
| ડુંગળી લીલી | ૧૪૦ | ૪૦૮ |
| આદુ | ૭૧૦ | ૯૧૨ |
| મરચા લીલા | ૨૦૬ | ૮૪૨ |
| હળદર લીલી | ૭૦૮ | ૯૧૧ |
| લસણ લીલું | ૧૫૦૪ | ૨૦૧૦ |
| મગફળી લીલી | ૭૬૦ | ૮૧૦ |
| મકાઇ લીલી | ૧૬૦ | ૨૦૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૫૧ | ૧૫૪૬ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૮૬ |
| મગફળી જીણી | ૭૫૧ | ૧૨૧૧ |
| સિંગદાણા જાડા | ૧૦૦૧ | ૧૨૫૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૧૭૦ |
| એરંડા / એરંડી | ૯૫૧ | ૧૨૮૧ |
| તલ કાળા | ૧૫૦૦ | ૪૦૭૬ |
| જીરૂ | ૨૭૦૧ | ૩૫૭૧ |
| કલંજી | ૯૮૧ | ૪૪૦૧ |
| ધાણા | ૯૫૧ | ૧૫૬૧ |
| લસણ સુકું | ૪૧૧ | ૯૦૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૩૦૬ |
| અડદ | ૧૦૨૬ | ૧૨૭૬ |
| મઠ | ૭૦૧ | ૭૦૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૩૦૧ |
| રાજગરો | ૭૯૧ | ૭૯૧ |
| રાય | ૧૧૫૧ | ૧૧૫૧ |
| મેથી | ૮૦૧ | ૯૯૧ |
| સુવાદાણા | ૯૧૧ | ૯૧૧ |
| કાંગ | ૨૩૧ | ૪૯૧ |
| મગફળી જાડી | ૬૦૦ | ૧૧૧૧ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૨૦૬૧ |
| મગફળી ૬૬ | ૮૫૦ | ૧૩૯૧ |
| તલ - તલી | ૧૦૦૧ | ૨૦૭૧ |
| ધાણી | ૧૦૫૧ | ૧૬૭૬ |
| બાજરો | ૨૭૧ | ૪૧૧ |
| જુવાર | ૪૦૧ | ૮૦૧ |
| મકાઇ | ૩૧૧ | ૫૧૧ |
| મગ | ૧૦૦૦ | ૧૯૦૧ |
| ચણા | ૯૪૧ | ૧૧૧૧ |
| વાલ | ૫૦૧ | ૯૭૧ |
| વાલ પાપડી | ૧૬૫૧ | ૧૮૧૧ |
| સોયાબીન | ૭૨૧ | ૮૬૧ |
| ગોગળી | ૫૦૧ | ૯૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૫૦૦ |
| મરચા | ૧૨૦ | ૮૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૬૦૦ |
| કાકડી | ૧૮૦ | ૭૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૮૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૧૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૮૦૦ |
| કેરી કાચી | ૧૪૦૦ | ૧૮૦૦ |
| બટેટા | ૨૪૦ | ૩૪૦ |
| અંબાળા | ૪૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૭ |
| કોથમીર પુરા | ૩ | ૭ |
| મૂળા પુરા | ૪ | ૮ |
| ફોદીનો પુરા | ૩ | ૭ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| ચૂરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ક્ક્ક્ક્ક્ક | ૫ | ૧૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૧ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોરા | ૧૮૦ | ૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૪ |
| પાલક પુરા | ૨ | ૮ |
| **અમરેલી** | | |
| કપાસ | ૭૦૦ | ૧૫૮૨ |
| શિંગ મઠડી | ૬૧૧ | ૧૦૧૧ |
| ગિરનાર શીંગ | ૭૦૦ | ૭૦૦ |
| શિંગ મોટી | ૬૦૦ | ૧૦૫૨ |
| શિંગદાણા | ૯૦૦ | ૧૦૭૫ |
| શિંગ ફાડા | ૯૫૦ | ૯૫૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૪૭૫ | ૪૨૧૫ |
| તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૪૫૦ |
| બાજરો | ૩૦૦ | ૩૮૬ |
| જુવાર | ૪૭૦ | ૭૬૬ |
| ઘઉં ટુકડા | ૪૭૨ | ૫૭૬ |
| ઘઉં લોકવન | ૪૪૭ | ૫૪૪ |
| મકાઈ | ૫૦૦ | ૫૧૬ |
| મગ | ૧૦૩૦ | ૧૯૦૦ |
| અડદ | ૯૮૦ | ૧૪૪૫ |
| ચણા | ૯૨૫ | ૧૧૫૧ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૮૨ |
| ચણા છોલે | ૧૬૫૦ | ૧૬૫૦ |
| તુવેર | ૧૧૩૬ | ૧૨૩૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૪૧ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૪૧૦ |
| રાઈ | ૧૩૭૦ | ૧૪૪૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| અજમા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૬૭૦ | ૭૮૩ |
| રજકાના બી | ૪૩૫૦ | ૭૮૨૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૮૦ | ૩૮૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૩૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૯૦૦ |
| ટમેટાં | ૩૫૦ | ૪૫૦ |
| સુરણ | ૭૦૦ | ૮૧૦ |
| ગાજર | ૬૦૦ | ૮૦૦ |
| દુધી | ૨૪૦ | ૪૪૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| મુળા | ૧૬૦ | ૨૫૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૧૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૨૦ |
| આમળા | ૭૮૦ | ૯૨૦ |
| તુવેર | ૯૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૨૪૦ | ૪૦૦ |
| હળદર લીલી | ૮૧૦ | ૯૦૦ |
| ચીભડાં | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૨૦ |
| કોથમીર | ૯૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૧૧૮૦ | ૧૫૪૦ |
| ફોદીનો | ૭૦૦ | ૯૪૦ |
| ટીંડોરા | ૬૨૦ | ૮૪૦ |
| બીટ | ૪૨૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૭૦૦ |
| મરચાં લાલ | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૧૦ |
| ડુંગળી સુકી | ૯૦ | ૨૦૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લસણ સુકું | ૬૨૦ | ૧૦૦૦ |
| શીંગ ઓળા | ૬૧૦ | ૭૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૧૯૦ | ૩૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૭૦૦ |
| પાલક | ૬૦૦ | ૮૦૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૧૧ | ૧૩૭૫ |
| કપાસ કોડી | ૯૦૦ | ૧૧૯૩ |
| મગફળી | ૫૦૦ | ૭૭૧ |
| ઘઉં | ૪૨૫ | ૪૨૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૧૫૦ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૧૫૧ | ૧૫૧૦ |
| કપાસ કોડી | ૬૫૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૬૭૦ | ૧૬૭૦ |
| અડદ | ૮૦૦ | ૮૦૦ |
| બાજરો | ૩૧૫ | ૩૧૫ |
| **બાબરા** | | |
| કપાસ નવો | ૧૨૫૦ | ૧૫૭૫ |
| કપાસ જૂનો | ૯૦૦ | ૧૨૨૫ |
| મગફળી | ૭૩૦ | ૮૯૦ |
| તલ સફેદ | ૧૪૮૦ | ૧૮૯૦ |
| તલ કાળા | ૨૫૫૫ | ૪૧૨૫ |
| જીરૂ | ૨૯૬૫ | ૩૪૧૫ |
| ઘઉં | ૪૫૫ | ૫૪૫ |
| અડદ | ૮૮૦ | ૧૩૧૦ |
| મગ | ૧૨૪૦ | ૧૬૧૦ |
| ચણા | ૯૫૬ | ૧૦૮૪ |
| સોયાબીન | ૭૩૬ | ૭૭૪ |
| **બગસરા** | | |
| કપાસ | ૯૫૦ | ૧૫૩૧ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૪૫૧ |
| ઘઉં ટુકડા | ૩૬૫ | ૫૧૮ |
| અડદ | ૯૦૦ | ૧૦૨૬ |
| ચણા | ૭૨૫ | ૧૦૧૫ |
| મગ | ૯૪૫ | ૧૪૪૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૬૦ |
| મગફળી | ૫૦૦ | ૭૦૧ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૭૫૫ |
| જુવાર | ૩૪૫ | ૩૭૦ |
| કાંગ | ૩૭૫ | ૩૭૫ |
| શીંગ દાણા | ૭૬૦ | ૯૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૬૫૦૧૦૭૧ | |
| શીંગ મોટી | ૬૦૦ | ૯૭૧ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૪૧ |
| તલ કાળા | ૨૬૦૦ | ૩૮૬૧ |
| જીરૂ | --- | ૩૪૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૫૪ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૦૨ |
| બાજરો | ૩૫૦ | ૪૬૦ |
| જુવાર | --- | ૫૪૧ |
| ચોળી | --- | ૧૦૦૨ |
| અડદ | --- | ૧૧૦૦ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૮૫ |
| રાય/રાયડો | --- | ૯૨૬ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૯૬ |
| સોયાબીન | --- | ૭૦૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૬૦૦ | ૭૨૫ |
| તલ સફેદ | ૧૬૨૫ | ૧૯૫૦ |
| તલ કાળા | ૩૪૦૦ | ૩૪૦૦ |
| તલ પીળા | ૨૦૦૦ | ૨૧૦૦ |
| કપાસ | ૮૦૦ | ૧૫૦૨ |
| બાજરો | ૩૫૦ | ૪૭૩ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૨ |
| જુવાર | ૫૦૦ | ૭૯૧ |
| મકાઈ | ૪૫૧ | ૬૧૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| તુવેર | ૯૦૦ | ૯૦૦ |
| ચણા | ૬૦૨ | ૧૦૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૮૫૧ | ૧૪૫૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૭૧ |
| અડદ | ૭૦૧ | ૧૨૯૧ |
| મગફળી | ૫૦૦ | ૯૧૧ |
| શિંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૪૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૭૯૬ |
| મેથી | ૬૦૧ | ૯૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૧૬ |
| સોયાબીન | ૬૦૧ | ૮૦૧ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૭૨૧ | ૧૦૪૫ |
| બાજરો | ૩૫૦ | ૫૫૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૭૯ |
| જુવાર | ૫૭૦ | ૭૬૦ |
| અડદ | ૭૫૦ | ૧૫૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૦ |
| તલ | ૧૩૫૦ | ૧૮૪૨ |
| તલ કાળા | ૨૦૦૦ | ૪૦૩૨ |
| સોયાબીન | ૪૦૦ | ૮૧૫ |
| ડાંગર | ૫૫૦ | ૮૮૨ |
| રજકો | ૩૫૦૦ | ૭૬૭૫ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૭૫૦ | ૧૩૧૯ |
| શીંગ ૩૯ | ૬૫૦ | ૧૦૬૪ |
| શીંગ ગીરનાર | ૬૪૦ | ૮૦૦ |
| શીંગ જી-૨૦ | ૬૬૯ | ૮૭૮ |
| જુવાર | ૩૦૦ | ૫૭૨ |
| બાજરી | ૩૨૧ | ૫૪૭ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૬૧૧ |
| મકાઈ | ૪૭૧ | ૪૭૧ |
| અડદ | ૮૮૦ | ૧૧૯૯ |
| મગ | ૧૨૫૨ | ૧૪૭૦ |
| સોયાબીન | ૭૩૧ | ૭૮૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૬૭ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૬૦ |
| તલ કાળા | ૩૯૩૯ | ૩૯૩૯ |
| વાલ | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ડુંગળી લાલ | ૮૦ | ૨૧૬ |
| ડુંગળી સફેદ | ૯૧ | ૧૬૫ |
| કપાસ શંકર | ૬૦૦ | ૧૫૭૧ |
| નાળીયેર | ૧૫૯૦ | ૩૪૨૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૭૧૫ |
| બાજરો | ૩૫૦ | ૪૭૦ |
| ઘઉં | ૪૮૬ | ૫૬૪ |
| મગ | ૧૩૦૫ | ૧૭૩૦ |
| અડદ | ૯૩૦ | ૧૩૬૫ |
| તુવેર | ૬૦૦ | ૧૨૬૫ |
| વાલ | ૫૦૦ | ૬૯૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૯૩ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૧૯૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૦૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૩૨ |
| તલ | ૭૪૦ | ૧૯૪૫ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૨૦ |
| રાઈ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| લસણ | ૪૨૫ | ૮૮૦ |
| કપાસ | ૭૫૦ | ૧૪૮૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૫૦૦ |
| અજમો | ૮૯૦ | ૨૨૫૦ |
| ધાણા | ૮૯૦ | ૧૪૬૦ |
| ડુંગળી સૂકી | ૬૦ | ૨૭૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીમાં આજે યુવા બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મ રાસોત્સવ

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા યુવા બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મ રાસોત્સવ ૨૦૨૫ આજે તા. ૦૯-૧૦-૨૦૨૫ ના રાત્રે ૯:૦૦ કલાકથી તુલસી પાર્ટી પ્લોટ, લાઠી રોડ બાયપાસ પાસે અમરેલી ખાતે યોજાશે. આ પ્રસંગે અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ, અમરેલી શહેર બ્રહ્મસમાજ, અમરેલી શહેર યુવા બ્રહ્મસમાજ, અમરેલી જિલ્લા મહિલા બ્રહ્મસમાજ, અમરેલી શહેર મહિલા બ્રહ્મસમાજ, સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ આગેવાનો અને કારોબારી સભ્યો તથા વિવિધ રાજકીય, સામાજીક આગેવાનો ઉપસ્થિત રહી પ્રોત્સાહીત કરશે. આ કાર્યક્રમમાં બ્રહ્મસમાજનાં તમામ ઘટકોમાંથી પણ બ્રહ્મ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં તમામ બાળકો, વડીલો, માતાઓ, બહેનોને બહોળી સંખ્યામાં બ્રહ્મ રાસોત્સવમાં ભાગ લેવા અનુરોધ કરાયો છે. તેમજ આ કાર્યક્રમમાં બ્રહ્મ ગૌરવ વરિષ્ઠ રમેશદાદા ઠાકર (શાસ્ત્રી), મુળશંકરદાદા તેરૈયા, એમ.જી. જોષી, ડી.જી. મહેતા, કિશોરદાદા દવે, ઉદયનભાઈ ત્રિવેદી, તુષારભાઈ જોષી, પરેશભાઈ આચાર્ય, બકુલભાઈ પંડ્યા, નિલેશભાઈ જાની, તનસુખભાઈ ઠાકર, પાર્થિવભાઈ જોષી, કિલુભાઈ શુકલ, આર. પી. મહેતા, બિપીનભાઈ જોષી, હસુભાઈ જોષી, અશ્વિનભાઈ ત્રિવેદી, શરદભાઈ વ્યાસ, ડો. એસ.આર. દવે, ડો. નિતીનભાઈ ત્રિવેદી, ડો. સ્નેહલભાઈ પંડયા, ડો. વિનુભાઈ રાવલ, ડો. કેવલ પંડયા, ગીરીશભાઈ દવે, રશ્મીનભાઈ ત્રિવેદી, રજનીદાદા ભટ્ટ, હરેશભાઈ જોષી, વિપુલભાઈ વ્યાસ, આનંદભાઈ ભટ્ટ, નિતિનભાઈ વ્યાસ, ભરતભાઈ આચાર્ય, શશીકાંતભાઈ જાની, અમિતભાઈ ઉપાધ્યાય, ડો. પ્રણવભાઈ વ્યાસ, દિગંતભાઈ ઉપાધ્યાય, નિલેષભાઈ પાઠક, કેતનભાઈ જોષી, પી.કે. ત્રિવેદી, પ્રો. યોગેશભાઈ ઠાકર, સિધ્ધાર્થભાઈ ઠાકર, અજયભાઈ પંડયા, રોહિતભાઈ મહેતા, નરેશભાઈ અચ્યારૂ, ડી.એમ. ભટ્ટ, વિજયભાઈ ત્રિવેદી, હરેશભાઈ જોષી, ઈન્દ્રવદન રાવલ, સુરેશભાઈ ત્રિવેદી, કિશોરભાઈ જાની (ઈ.આર.), દિલીપભાઈ







મહેતા, જે.પી. ત્રિવેદી, ધીરૂભાઈ ત્રિવેદી, ભરતભાઈ પંડયા, મલયભાઈ મહેતા, પ્રકાશભાઈ આચાર્ય, ઘનશ્યામદાદા જોષી, નરેશભાઈ મહેતા, મુકેશભાઈ ભટ્ટ, વિપુલભાઈ (પૂજારીજી), મનોજ મામા ભટ્ટ, જયેશભાઈ પંડયા, બિનાબેન ત્રિવેદી, આશાબેન દવે, ભાવનાબેન ભટ્ટ, પ્રિનાબેન વ્યાસ પણ ઉપસ્થિત રહેશે. તેમજ રાસોત્સવની વ્યવસ્થા કમિટી તથા સમિતિનાં અમરેલી શહેર સમસ્ત બ્રહ્મસમાજ ચિરાગ ત્રિવેદી, ગોપાલ ભટ્ટ, ભાવિન ભટ્ટ, અમરેલી શહેર સમસ્ત યુવા બ્રહ્મસમાજ રાજ જાની, સંદિપ ત્રિવેદી, રઘુભાઈ ભટ્ટ, અમરેલી જિલ્લા સમસ્ત મહિલા બ્રહ્મસમાજ નયનાબેન આચાર્ય, કાશ્મીરાબેન વ્યાસ, કિરણબેન ત્રિવેદી, અમરેલી શહેર સમસ્ત મહિલા બ્રહ્મસમાજ કલ્પનાબેન જાની, ક્ષમાબેન જાની, જલ્પાબેન ત્રિવેદી, રાસોત્સવ વ્યવસ્થાપક કમિટી મૌલિક ઉપાધ્યાય, બાબુલ ત્રિવેદી, કિશન શિલુ, સાહસ ઉપાધ્યાય, ડો. ભવનેશ ભટ્ટ, ચેતન રાજ્યગુરૂ, હરનિલ ત્રિવેદી, જીગીશુ મહેતા, મિહિર ત્રિવેદી, સુનિલ રાજયગુરૂ, ડો. નિખિલેશ જાની, દિગંત ભટ્ટ, લીરેન ઠાકર, પ્રિયંક પંડયા, મુકેશ તેરૈયા, પ્રકાશ રાજગોર, સંદિપ પંડયા, સંજય જોષી, વિશાલ ઠાકર, ડો. અભિષેક ઠાકર, વિપુલ દવે, ધવલભાઈ ઠાકર, કેવલ મહેતા, દુષ્યંત ભટ્ટ, કિરીટ પાઠક, મુકેશ પંડયા, અજીત પંડયા, ભગીરથ જોષી, ચંદ્રેશ મહેતા, ધ્યેય પંડયા, જનક સંજય પંડયા, ધર્મેન્દ્ર પંડયા, સંજય દવે, રાજુ પંચોલી, ઋષિ ભટ્ટ, અમિત જાની, દર્શ જોષી, રવિ પંડયા, ડો. પરેશ જોષી, અમરીશ રાજ્યગુરૂ, આકાશ જોષી, કરણ જાની, કૃણાલ ત્રિવેદી, અમિત જોષી, સાગર કે. મહેતા, ભાર્ગવ અધ્યારૂ, ચિંતન રાજયગુરુ, નિમિરાજ મહેતા, હાર્દિક ત્રિવેદી, હાર્દિક વ્યાસ, સાગર વ્યાસ, ભાર્ગવ ત્રિવેદી, મંથન જોષી, સંદીપ ત્રિવેદી, ધવલ દવે, અમરીશ જોષી, ગૌરવ મહેતા, વરુણ ભટ્ટ, પાર્થ આર. રાવળ, પિયુષ કનાડા, ધવલ ત્રિવેદી, ચિંતન જોષી, પાર્થ મહેતા, સુનિલ ત્રિવેદી, ભૂષણ મહેતા, અભય કવિશ્વર, હિરેન જોષી, કલ્પેશ ઠાકર, વિશાલ જોષી, પ્રદિપ ઠાકર, ધવલ દવે, હર્ષ વ્યાસ, ભાર્ગવ શુકલ, કાર્તિક દવે, માધવ શુક્લ, પરેશ જાની, વિજય ઠાકર, યશ દવે, ઋષી જોષી, કૌશલ ત્રિવેદી, આકાશ કે. જોષી, પ્રેમલ જોષી, નવીન જોષી, લીગ્નેશ જોષી, સન્ની પુરોહિત, જયરાજ જોષી, અભિષેક પંડયા, વિવેક વ્યાસ, માધવ ભટ્ટ, હર્ષદ ત્રિવેદી, રાજ ત્રિવેદી, મનિષ પંડયા, જયકિશન શુકલ, કૃણાલ વ્યાસ, નિકુબેન પંડ્યા સહિત આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યાં છે તેમ અમરેલી જિલ્લા સમસ્ત યુવા બ્રહ્મસમાજનાં પ્રમુખ તેજસ ત્રિવેદી અને પ્રોજેક્ટ ચેરમેન રાજન જાનીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ઉનામાં આહીર પરિવાર દ્વારા શરદપૂનમે રાસોત્સવનું આયોજન

ઉના, તા.૦૮



ઉના અને ગીરગઢડા તાલુકાના શ્રી આહીર કર્મચારી અને ડોક્ટર પરિવારે સાથે મળીને શરદપૂનમની પવિત્ર રાત્રિએ ભવ્ય સ્નેહમિલન અને દાંડિયારાસોત્સવનું આયોજન કર્યું હતું. આ રાસોત્સવનું આયોજન વ્યાજપુર ખાતે આવેલી શ્રી આહીર સમાજ વાડીમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ભક્તિમય મહાઆરતીથી કરવામાં આવી હતી. ત્યારબાદ બાળાઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને રાસોત્સવને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

## ઉનાના નાંદણ ગામના ગુમ માછીમારનો મૃતદેહ દીવ નજીકથી મળ્યો

ઉના, તા.૦૮



ઉના તાલુકાના નાંદણ ગામના રહેવાસી માછીમાર ભીખા રામભાઈ વાજાનો મૃતદેહ ગુમ થયાના ત્રણ દિવસ બાદ દીવ નજીક દરિયામાંથી મળી આવતાં સમગ્ર ગામ અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, ભીખાભાઈ દીવના ઘોઘલા બંદરની એક બોટમાં માછીમારી માટે દરિયામાં ગયા હતા. ત્રણ દિવસ પહેલા તેઓ અકસ્માતે બોટમાંથી દરિયામાં પડી ગયા હોવાની જાણ થઈ હતી. બોટના અન્ય સાથીઓએ તેમની શોધખોળ શરૂ કરી હતી. સતત ત્રણ દિવસની સઘન શોધખોળ બાદ ગત રાત્રિના લગભગ ૧૨ વાગ્યાની આસપાસ ૬ નોટિકલ માઈલ દૂર દરિયામાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. ભીખાભાઈનો મૃતદેહ દીવના ઘોઘલા જેટી પર લાવવામાં આવ્યો હતો, જ્યાં આ કરુણ સમાચાર સાંભળીને મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. ત્યારબાદ મૃતદેહને સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો.

## ધોકડવા ગામનો રાવલ નદી પુલ ૩ માસથી બંધ

ઉના, તા.૦૮



ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામમાંથી પસાર થતી રાવલ નદી પરનો મુખ્ય પુલ છેલ્લા ત્રણ મહિનાથી બંધ કરી દેવાયો છે, જેના પગલે ગ્રામજનોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ રાજ્યભરના જોખમી પુલો પર ભારે વાહનોની અવરજવર બંધ કરવાના આદેશના અનુસંધાને આ પુલ બંધ કરાયો છે, પરંતુ તંત્ર દ્વારા કોઈ વૈકલ્પિક ડાયવર્ઝન વ્યવસ્થા કરવામાં ન આવતા ગ્રામજનોમાં ઉગ્ર રોષ ફેલાયો છે.

# કોડીનાર ખાતે દિશા કમ વિકાસ ડે કેર સેન્ટરમાં સેરેબ્રલ પાલ્સી દિવસની ઉજવણી

કોડીનાર,તા.૦૮



જીવનદીપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત દિશા કમ વિકાસ ડે કેર સેન્ટર ખાતે સેરેબ્રલ પાલ્સી દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ માહોલમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો ઉદ્દેશ ખાસ જરૂરિયાત ધરાવતા બાળકો પ્રત્યે સમાજમાં જાગૃતિ લાવવાનો તથા સેરેબ્રલ પાલ્સી અંગે સમજ વિકસાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત પર્યાવરણ, આશા અને સમાનતાનું પ્રતિક ગણાતી ગ્રીન રીબન બાંધીને કરવામાં આવી હતી. ત્યારબાદ દિવ્યાંગ બાળકો અને સ્ટાફ સભ્યો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સૌએ હરિયાળું અને સ્વચ્છ પર્યાવરણ જાળવવાનો સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે બાળકો દ્વારા જાગૃતિ રેલી પણ યોજાઈ હતી, જેમાં "સમાનતા, સંવેદના અને સહભાગિતા"ના સંદેશા સાથે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ ઉજવણીમાં ટ્રસ્ટના સંચાલકમંડળના સભ્યો, સ્ટાફ, વાલીઓ તથા વિશિષ્ટ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ બાળકોને પ્રોત્સાહન આપ્યું હતું.

# કોડીનાર પોલીસની પ્રશંસનીય કામગીરી: ૪ કર્મીઓને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરાયા

કોડીનાર,તા.૦૮



જૂનાગઢ જિલ્લા પોલીસ વડા દ્વારા કોડીનાર પોલીસ સ્ટેશનના ચાર પોલીસકર્મીઓને તેમની શ્રેષ્ઠ અને પ્રશંસનીય કામગીરી બદલ રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. કર્મીઓની પ્રમાણિકતા અને માનવતાભરી કામગીરીથી જિલ્લા પોલીસનું ગૌરવ વધ્યું હતું.

કોડીનાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુમ થયેલા મોબાઈલ, મોટર સાયકલ, રોકડ અને સોના-ચાંદીના દાગીના સહિતની વસ્તુઓ ગુમ થયાની અરજીઓ બાદ પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ સહિતના આધારે તપાસ કરીને પોલીસે આશરે રૂ.૪૧,૧૧,૧૪૦ની કિંમતનો મુદ્દામાલ શોધી કાઢીને મૂળ માલિકોને પરત કર્યો હતો. આ ઉત્કૃષ્ટ કામગીરી માટે પોલીસકર્મીઓ ભગવાનભાઈ જીણાભાઈ રાઠોડ અને ભીખુશા બચુશા જુણેજાને પ્રત્યેકને રૂ.૧,૫૦૦નો રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પોલીસકર્મીઓએ માનવતાનું વધુ એક ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

**અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની**

**:: જાહેર નોટીસ ::**

આથી અમો એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે રોકડીયા પરામાં આવેલ રેવન્યુ સર્વે નંબર ૩૨૮/૧ પૈકી પ્લોટ નં. ૨૯ પૈકીની ૬૫-૨૫ ચો. મી. વાળી મીલકત આવેલ છે. જે મીલકત હાલ જયશ્રીબેન શાંતિલાલ દેવમુરારીની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલ છે.

આ અમારી ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૫૭૩ તા. ૧૧/૩/૧૯૯૯ ના રોજ વિમળાબેન રમણીકલાલ ગેડીયા પાસેથી કીર્તીકુમાર હીંમતલાલ ખારા એ વેચાણે રાખેલ છે તે અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની રજીસ્ટર્ડ રસીદ ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન-૭ માં જાણ કરવા અગર પંહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબંધ હોય તો તે હકક- હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન-૭ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૯/૧૦/૨૦૨૫
અમરેલી.

**અજય જે. રાઠોડ**
એડવોકેટ
જુના માર્કટયાર્ડ, પહેલા માળે
હરીરામ હોલસેલ માર્કેટ,
કોગ્રેસ કાર્યાલયની સામે,
અમરેલી.
મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

## ઉનાના ગરાળ ખાતે ગરાસિયા રાજપૂત સમાજ દ્વારા દશેરા નિમિત્તે શસ્ત્રપૂજન

ઉના,તા.૦૮



ઉના તાલુકાના ગરાળ ગામ ખાતે ગરાસિયા રાજપૂત ક્ષત્રિય સમાજ દ્વારા વિજયાદશમી (દશેરા)ના પાવન પર્વ નિમિત્તે શસ્ત્રપૂજન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગરાસિયા રાજપૂત સમાજના પ્રમુખ મનહરસિંહ રાઠોડ, ઉપપ્રમુખ બહાદુરસિંહ રાઠોડ તેમજ નવનીતસિંહ રાઠોડ, વજેસિંહ રાઠોડ અને વિજયસિંહ વાઘેલા સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી. શસ્ત્રપૂજન સંપન્ન થયા બાદ તમામ આગેવાનો અને યુવાનોએ નાગણેશ્વરી માતાજીના આશીર્વાદ લીધા હતા. સૌએ એકબીજાને દશેરાના પાવન પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી અને સમાજમાં એકતા તથા ભાઈચારો જળવાઈ રહે તે માટે માતાજી સમક્ષ પ્રાર્થના કરી હતી.

## ગીરગઢડા : ભાખા પ્રાથમિક શાળાના 'સ્માર્ટ ફાર્મિંગ' મોડેલે તાલુકા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ સ્થાન મેળવ્યું

ગીર ગઢડા, તા.૦૮



ગીરગઢડા તાલુકા કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન આજરોજ અંબાડા પ્રાથમિક શાળા ખાતે ભવ્ય રીતે યોજાયું હતું. આ પ્રદર્શનમાં ભાખા પ્રાથમિક શાળાના બાળ વૈજ્ઞાનિકોએ રજૂ કરેલા એક અનોખા મોડેલે સૌનું ધ્યાન ખેંચી પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે, જેના પગલે સમગ્ર શાળા અને ગામમાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો છે. ભાખા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ 'સ્માર્ટ એગ્રીકલ્ચર ફાર્મિંગ' વિષય પર એક ઉત્તમ મોડેલ રજૂ કર્યું હતું. ખેડૂતો માટે ભવિષ્યમાં અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે તેવું આ અદ્યતન મોડેલ પ્રદર્શનનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર બન્યું હતું.

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.88/2025

**પ્રતિ,**
શ્રી મુકેશભાઈ નાજાભાઈ સોંદરવા,
રહે. સાંધણીધાર, ગામ-સાંધણીધાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**કોડીનાર** .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સાંધણીધાર
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના સાંધણીધાર ગામના રહીશ મુકેશભાઈ નાજાભાઈ સોંદરવા તથા ચંપાબેન મુકેશભાઈ સોંદરવાના પુત્રી અરૂણાબેન મુકેશભાઈ સોંદરવાનો જન્મ તારીખ **29/03/2001** ના રોજ કોડીનાર તાલુકાના સાંધણીધાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, સાંધણીધાર, તાલુકો-કોડીનાર સને.**2001** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૮૫/૨૦૨૫ તા.૧૮/૦૮/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. જયાણી હરજીભાઈ લાલજીભાઈ
રહે. તેજ કિરણ એપાર્ટમેન્ટ, જેસર રોડ,
સાવરકુંડલા

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા,
તા.સાવરકુંડલા જી. અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના નાના ભાઈ દેવચંદભાઈ લાલજીભાઈ જયાણીનો જન્મ તા.૧૧/૦૫/૧૯૬૯ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૨૬/૨૦૨૫ તા.૨૫/૦૮/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. જયાણી અરવિંદકુમાર કાળુભાઈ
રહે. પટેલ વાડી, શ્રીજી મંડપની સામે, રામજી મંદિર
સાવરકુંડલા

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા,
તા.સાવરકુંડલા જી. અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના અરવિંદકુમાર કાળુભાઈ જયાણીનો જન્મ તા.૦૬/૦૭/૧૯૬૪ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## સુરત ખાતે ઘનશ્યામદાસજી મહારાજનો જન્મોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો


બાબરા, તા.૦૮



બાબરા તાપડીયા આશ્રમના મહંત ૧૦૦૮ મહામંડલેશ્વર ઘનશ્યામદાસજી મહારાજનો જન્મોત્સવ સુરત મુકામે ઉજવવામાં આવ્યો હતો. બાપુના સેવક હિતેનભાઈ મુકુંદભાઈ જસાણી પરિવારની પ્રાર્થના અને આગ્રહભરી વિનંતીને સ્વીકાર કરીને, બાપુના જન્મોત્સવનું પ્રથમવાર સુરત મુકામે આયોજન કરવામાં આવ્યું હતું. બાપુના જન્મોત્સવમાં મહંત રામ મનોહર દાસજી (ગરીયાવાળા) અને પાદુબાપુ (ઠેબચડા) સહિતના સંતો-મહંતો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# તહરીક-એ-તાલિબાને હુમલો કરતા પાકિસ્તાનના ૧૧ સૈનિકોના મોત

**સામસામા ગોળીબારમાં ટીટીપીના ૧૯ લડવૈયાઓ માર્યા ગયા**



ઈસ્લામાબાદ,તા.૦૮

મંગળવારે રાત્રે તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) દ્વારા કરવામાં આવેલા હુમલામાં બે અધિકારીઓ અને નવ સૈનિકો સહિત અગિયાર પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા. ન્યૂઝ એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની સેના અફઘાન સરહદ નજીક ટીટીપી વિરુદ્ધ કાર્યવાહી કરી રહી હતી. બંને દળો વચ્ચે ગોળીબાર થયો, જેમાં ૧૯ ટીટીપી લડવૈયાઓ માર્યા ગયા. પાકિસ્તાની સૈન્યની મીડિયા શાખા, ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (ISPR) એ આરોપ લગાવ્યો હતો કે હુમલાખોરોને ભારત તરફથી સમર્થન મળી રહ્યું છે. સેનાએ દાવો કર્યો હતો કે તે તેમને ખતમ કરવા માટે કામ કરી રહી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી, TTP એ પાકિસ્તાનમાં સુરક્ષા દળો પર હુમલાઓ તીવ્ર બનાવ્યા છે. અહેવાલો અનુસાર, પાકિસ્તાની સૈનિકો કુર્રમ જિલ્લામાં ટીટીપી વિરુદ્ધ કાર્યવાહી કરી રહ્યા હતા ત્યારે હુમલાખોરોએ તેમના વાહન પર બોમ્બથી હુમલો કર્યો અને પછી ગોળીબાર કર્યો હતો. રોઈટર્સને મોકલવામાં આવેલા એક નિવેદનમાં પાકિસ્તાની તાલિબાન (TTP) એ હુમલાની જવાબદારી સ્વીકારી અને કહ્યું કે તેના લડવૈયાઓએ કાફલાને નિશાન બનાવ્યો હતો.

# આજે બ્રિટીશ પ્રધાનમંત્રી સ્ટાર્મર અને પીએમ મોદી વચ્ચે મુલાકાત થવાની સંભાવના

મુંબઈ,તા.૦૮

બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે બુધવારે મુંબઈમાં બોલિવૂડ અભિનેત્રી રાની મુખર્જી સાથે એક ફિલ્મ જોઈ. તેમણે યશ રાજ સ્ટુડિયોની મુલાકાત લીધી અને સીઈઓ અક્ષય વિધિની સાથે પણ મુલાકાત કરી. તેમણે કઈ ફિલ્મ જોઈ એ હજુ સુધી જાણી શકાયું નથી. સ્ટાર્મર તા.૦૮ના મુંબઈ પહોંચ્યા હતા. ૨૦૨૪માં



વડાપ્રધાન બન્યા પછી આ તેમની ભારતની પહેલી મુલાકાત છે. તેમની સાથે વ્યવસાય, સંસ્કૃતિ અને અન્ય ક્ષેત્રોના ૧૦૦થી વધુ લોકોનું પ્રતિનિધિમંડળ છે, જેમાં આઈટી અને ઓટોમોબાઈલ સહિત વિવિધ ક્ષેત્રોના ઉદ્યોગપતિઓનો સમાવેશ થાય છે. મીડિયા અહેવાલો અનુસાર, સ્ટાર્મર કુપરેજ ગ્રાઉન્ડ ખાતે ફૂટબોલ કાર્યક્રમમાં ભાગ લઈ શકે છે. સ્ટારમર અને પીએમ મોદી આજે મુંબઈમાં એક કાર્યક્રમમાં મળશે અને 'વિઝન ૨૦૩૦' હેઠળ ભાગીદારીના વિકાસ અંગે ચર્ચા કરશે. ભારત-યુકે મુક્ત વેપાર કરાર (FTA) પર આ વર્ષે જુલાઈમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરારનો ઉદ્દેશ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરીને $120 બિલિયન કરવાનો છે. FTA યુકેમાં કાપડ, ચામડું અને કૃષિ ઉત્પાદનો જેવાં ભારતીય ઉત્પાદનોનું વેચાણ સરળ બનાવશે. સ્ટાર્મરની મુલાકાત બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

# પ્રધાનમંત્રી મોદીએ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદ્‌ઘાટન કર્યું

મુંબઈ,તા.૮

પીએમ મોદીએ અન્ય નેતાઓ અને અધિકારીઓની હાજરીમાં નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદ્‌ઘાટન કર્યું. ઉદ્‌ઘાટન પછીના પોતાના સંબોધનમાં, વડાપ્રધાન મોદીએ કહ્યું, "આજે, મુંબઈની લાંબી રાહ પૂરી થઈ છે. મુંબઈમાં હવે તેનું બીજું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે. આ એરપોર્ટ આ પ્રદેશને એશિયાના સૌથી મોટા કનેક્ટિવિટી હબ તરીકે સ્થાપિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. આજે, મુંબઈમાં સંપૂર્ણપણે ભૂગર્ભ મેટ્રો સિસ્ટમ પણ છે, જે મુંબઈમાં મુસાફરીને વધુ સરળ બનાવશે અને સમય બચાવશે." તેમણે કહ્યું, "આ ભારતના યુવાનો માટે અસંખ્ય તકોનો સમય છે." તાજેતરમાં, દેશના અસંખ્ય આઈટીઆઈને ઉદ્યોગ સાથે જોડવા માટે ૬૦,૦૦૦ કરોડની પીએમ સેતુ યોજના શરૂ કરવામાં આવી હતી. આજથી, મહારાષ્ટ્ર સરકારે સેંકડો આઈટીઆઈ અને ટેકનિકલ સ્કૂલોમાં એક નવો કાર્યક્રમ શરૂ કર્યો છે.

# ઉનાના દરિયા કિનારે આધેડ મહિલા પર સામૂહિક દુષ્કર્મથી ચકચાર

ઉના,તા.૦૮

ઉના નજીક આવેલા કોસ્ટલ દરિયાકિનારે એક આધેડ મહિલા પર ત્રણથી વધુ શખ્સ દ્વારા સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. નરાધમોએ મહિલાના ગુપ્ત ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેના કારણે તેમની તબિયત લથડી હતી. હાલ મહિલાની હાલત ગંભીર



હોવાથી તેમને વધુ સારવાર માટે જૂનાગઢ ખસેડવામાં આવ્યા છે. પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીઓને પકડવા ટીમો બનાવી તપાસ શરૂ કરી છે. પોલીસસૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ ઘટના ત્રણ દિવસ પહેલાં કોસ્ટલ દરિયાકાંઠાના એક ગામમાં બની હતી. એકલી રહેતી મહિલાની એકલતાનો લાભ ઉઠાવી ત્રણથી વધુ શખ્સ તેમને ફોસલાવીને લઈ ગયા હતા અને સામૂહિક રીતે દુષ્કર્મ આચર્યું હતું.

# ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીમાં આપ અને કોંગ્રેસ ગઠબંધન નહી કરે

અમદાવાદ,તા.૮

ગુજરાતની સ્થાનિક ચૂંટણીઓમાં કોંગ્રેસ-આપ વચ્ચે ગઠબંધન નહીં, બંને પક્ષો સ્વતંત્ર રીતે લડશે. રાજ્યની નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયત ચૂંટણીઓ માટે કોંગ્રેસે આપને મોટો ઝટકો આપ્યો છે. જેમાં દરેક પક્ષ પોતપોતાની રણનીતિ મુજબ તૈયારી કરશે. ગુજરાતના રાજકીય માહોલમાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે. આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે કોંગ્રેસે આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન ન કરવાની જાહેરાત કરી છે. પક્ષના ઉચ્ચ સ્તરીય સૂત્રોએ જણાવ્યું છે કે કોંગ્રેસ હવે રાજ્યમાં પોતાની સ્વતંત્ર રાજકીય ઓળખ મજબૂત બનાવવા ઈચ્છે છે અને કોઈપણ પ્રકારના ગઠબંધનથી દૂર રહેવાનું નક્કી કર્યું છે. આ નિર્ણયથી સ્પષ્ટ થયું છે કે સ્થાનિક સ્તરે પક્ષ પોતાનાં બળે જ ચૂંટણી લડશે.

# આપણે ફક્ત આકાશના રક્ષક જ નથી, પરંતુ રાષ્ટ્રના સન્માનના રક્ષક પણ છીએ : એર ચીફ માર્શલ

ગાઝીયાબાદ,તા.૮

હવાઈ દળ દિવસ નિમિત્તે એર ચીફ માર્શલ એપી સિંહે હિંડન એર બેઝ ખાતે વાયુસેનાને સંબોધિત કરી. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન દુશ્મનના લક્ષ્યોને નિશાન બનાવીને ભારતીય વાયુસેનાના બોલ્ડ અને સચોટ હુમલાઓએ રાષ્ટ્રીય ચેતનામાં આક્રમક હવાઈ કામગીરીને તેમના યોગ્ય સ્થાન પર પુનઃસ્થાપિત કરી છે. વાયુસેનાના વડાએ એમ પણ કહ્યું કે તેમના દળે વિશ્વને સાબિત કર્યું છે કે હવાઈ શક્તિનો ઉપયોગ થોડા દિવસોમાં લશ્કરી પરિણામોને આકાર આપવા માટે કેવી રીતે અસરકારક રીતે થઈ શકે છે. વાયુસેનાના વડાએ કહ્યું, "ઓપરેશન સિંદૂરમાં અમારા પ્રદર્શનથી અમને ગર્વ થયો છે. અમે વિશ્વને સાબિત કર્યું છે કે હવાઈ



શક્તિનો ઉપયોગ થોડા દિવસોમાં લશ્કરી પરિણામોને આકાર આપવા માટે કેવી રીતે અસરકારક રીતે થઈ શકે છે. ઓપરેશન સિંદૂર એ મહાન સિદ્ધિઓનો પુરાવો છે જે સમર્પણ, નિયમિત અભ્યાસ અને તાલીમ દ્વારા મેળવી શકાય છે." બોલ્ડ અને સચોટ હુમલાઓએ રાષ્ટ્રીય ચેતનામાં આક્રમક હવાઈ કામગીરીને તેમના યોગ્ય સ્થાન પર પુનઃસ્થાપિત કરી. તેમણે કહ્યું, "ભારતના બોલ્ડ અને સચોટ હુમલાઓએ રાષ્ટ્રીય ચેતનામાં આક્રમક હવાઈ કામગીરીને તેમના યોગ્ય સ્થાન પર પુનઃસ્થાપિત કરી છે.

# કચ્છના વાગડ વિસ્તારમાં પાકિસ્તાની પ્રેમી યુગલ ઝડપાતા તપાસ શરૂ

ભુજ,તા.૦૮

વાગડ વિસ્તારના ખડીર દ્વીપ સમૂહના રતનપર ગામના જંગલ વિસ્તારમાંથી બે પાકિસ્તાની નાગરિકોને ઝડપી પાડવામાં આવ્યા છે. આ બંને થરપારકર, પાકિસ્તાનના પ્રેમી યુગલ હોવાનું સામે આવ્યું છે, જેઓ આંતરરાષ્ટ્રીય સરહદ ઓળંગીને ભારતમાં પ્રવેશ્યા હતા. રતનપર ગામના જંગલ વિસ્તારમાં આવેલા



તળાવ નજીક લાકડા કાપતા મજૂરોને આ યુગલ શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યું હતું. મજૂરોએ તાત્કાલિક રતનપરના સરપંચને જાણ કરી હતી. સરપંચે ખડીર પોલીસને જાણ કરી હતી. પોલીસની પૂછપરછમાં યુગલે જણાવ્યું કે, તેઓ પાકિસ્તાનના થરપારકરના રહેવાસી છે અને પ્રેમી છે. તેઓ રાતોરાત સરહદ ઓળંગીને ભારતમાં આવ્યા હતા. તેઓ પાકિસ્તાનના થરપારકર જિલ્લાના રહેવાસી છે. ખડીર પોલીસે આ અંગે જાણવાજોગ ફરિયાદ દાખલ કરી છે. ખડીરના ઈન્ચાર્જ પીઆઈ વી.એ. ઝા દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓ પણ આ અંગે તપાસ કરી રહી છે.




# મહારાષ્ટ્રમાં ભાજપ નેતા કિરીટ સોમૈયાએ વાહનો પર "આઈ લવ મહાદેવ" સ્ટીકર ચોંટાડ્યા

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૮

મહારાષ્ટ્રમાં, ભાજપના નેતા કિરીટ સોમૈયાએ તેમના સેંકડો કાર્યકરો સાથે, "આઈ લવ મોહમ્મદ" ના જવાબમાં "આઈ લવ મહાદેવ" ના સમર્થનમાં બીકેસી કનેક્ટર કુર્લા જંકશન પર વિરોધ પ્રદર્શન કર્યું. આ દરમિયાન, કિરીટ સોમૈયાના કાર્યકરોએ કુર્લા જંકશન પર વાહનો અને ઓટોરિક્ષાઓ પર "આઈ લવ મહાદેવ" ના સ્ટીકરો ચોંટાડ્યા હતા. થોડા દિવસ પહેલા, આ જ સ્થળે કેટલાક યુવાનોએ વાહનો પર "આઈ લવ મોહમ્મદ" ના સ્ટીકરો ચોંટાડ્યા હતા. સ્ટીકરોના વિરોધમાં, કિરીટ સોમૈયા કુર્લા પોલીસ સ્ટેશન ગયા અને ફરિયાદ નોંધાવી અને કેસ નોંધવાની માંગ કરી, પરંતુ કોઈ એફઆઈઆર દાખલ કરવામાં આવી ન હતી. ત્યારબાદ, કિરીટ સોમૈયા તે જ સ્થળે ગયા અને જાહેરાત કરી કે તેઓ તે યુવાનોના વાહનો પર "આઈ લવ મહાદેવ" ના સ્ટીકરો ચોંટાડશે.

# હવે એસટીની વોલ્વો બસમાં સસ્તામાં થશે મુસાફરી, ૧.૫ રૂપિયા લેખે ભાડુ ગણાશે

અમદાવાદ,તા.૮

ગુજરાત એસટી વિભાગ દ્વારા સુરતમાં ૪૦ નવી બસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ આ બસોને લીલી ઝંડી આપી હતી. આ ૪૦ બસમાં ૫ નવી વોલ્વોનો પણ સમાવેશ થાય છે. આ વોલ્વોમાં હાલની વોલ્વો બસ જેવી જ સુવિધા છે, જોકે ભાડું એના કરતાં ૨૫% ઓછું છે, જેથી મુસાફરોને રાહત થશે. હાલની વોલ્વોનું ભાડું પ્રતિ કિ.મી. ૨.૫૦ રૂપિયા છે, જે નવી વોલ્વોમાં રૂ.૧.૫૦ છે. આ પ્રસંગે હર્ષ સંઘવીએ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમની કામગીરીની પ્રશંસા કરતાં જણાવ્યું કે એક વર્ષમાં ૨૦૦૦થી વધુ બસ મૂકવામાં આવી છે. એસટી વિભાગના લક્ષ્ય વિશે વાત કરતાં જણાવ્યું હતું કે આવનારા દસ દિવસમાં, એટલે કે દિવાળીના તહેવાર પહેલાં નાગરિકો માટે બીજી નવી બસો ચાલુ કરવાનો એસટી વિભાગનો ટાર્ગેટ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે એસટી દ્વારા છેલ્લાં બે વર્ષમાં ૨.૧૫ લાખ જેટલા પેસેન્જર વધારવામાં સફળતા મળી છે, જે આજ સુધીનો ઐતિહાસિક વધારો માનવામાં આવી રહ્યો છે.




# વિસનગરમાં ૧૫ વર્ષની દીકરી પર ગેંગરેપ : ૬ નરાધમોએ આચર્યું દુષ્કર્મ, પાંચની અટકાયત

મહેસાણા,તા.૮

વિસનગરમાંથી ખૂબ જ શરમજનક કિસ્સો સામે આવ્યો છે. વિસનગરની ૧૫ વર્ષની દીકરી પર ૬ યુવાનોએ દુષ્કર્મ આચર્યું છે. સગીરાને વિવિધ સ્થળ પર લઈ જઈને દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ અંગે વિસનગર સિટી પોલીસે પોક્સો, બળાત્કાર અને અપહરણની ફરિયાદ દાખલ કરીને ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. વિસનગર પોલીસે ઘટનાના ગણતરીના કલાકોમાં છ પૈકી




પાંચ યુવાનોની અટકાયત કરી છે. જે બાદ પોલીસે તપાસનો ધમધમાટ ચલાવીને કુલ ૬ આરોપીઓ વિરુદ્ધ અપહરણ, બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળ ગંભીર ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.



